RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 120 Date: 21.02.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## મોદીએ જમ્મુમાં AIIMSનું ઉદ્ઘાટન કર્યું:PMએ કહ્યું- પહેલા જમ્મુ-કાશ્મીરમાંથી આતંકના સમાચાર મળતા હતા, હવે વિકાસ થઈ રહ્યો છે



વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે (૨૦ ફેબ્રુઆરી) જમ્મુના પ્રવાસે છે. તેમણે અહીં અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનનું ઉદ્ઘાટન કર્યું. ખાસ વાત એ છે કે ૨૦૧૯ તેનો શિલાન્યાસ પણ પીએમ મોદીએ જ કર્યો હતો. જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં આયોજિત સમારોહ દરમિયાન મોદી લગભગ ૩૨ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટનું લાકોર્પણ અને શિલાન્યાસ પણ કર્યો હતો. વડાપ્રધાને જમ્મુ એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગ અને ‘કોમન યુઝર ફેસિલિટી‘ પેટ્રોલિયમ ડેપોનો શિલાન્યાસ પણ કર્યો હતો.મોદીએ કહ્યું કે પહેલા જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદ અને ભાગવાવાદના અવાજ ગુંજતા હતા, હવે અહીં દરેક ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યો છે. રાજ્યમાં હવે ૧૨ મેડિકલ કોલેજો છે. ઘાટી ટ્રેન દ્વારા જોડાઈ ગઈ છે. જમ્મુ અને કાશ્મીર દેશનું એક એવું રાજ્ય છે જ્યાં બે છૈંસ્જી બનાવવામાં આવી રહી છે.મોદીના ભાષણ દરમિયાન સભામાં એક બાળકી રડી રહી હતી. પીએમે કહ્યું, તેને પરેશાન કરશો નહીં. શું સુંદર બાળકી છે. તમે લોકો પ્રતિકૂળ હવામાનમાં અહીં બેઠા છો, જે પ્રશંસનીય છે.મોદીએ કહ્યું- પહેલા ભારતના એક ભાગમાં કામ થતું હતું અને જમ્મુ-કાશ્મીરના લોકોને નહોતું મળતું કે મોડું મળતું હતું. આજે જમ્મુ એરપોર્ટના વિસ્તરણનું કામ ચાલી રહ્યું છે. કાશ્મીરને કન્યાકુમારી સાથે રેલવે દ્વારા જોડવાનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. એ દિવસ દૂર નથી જ્યારે લોકો કાશ્મીરથી ટ્રેનમાં બેસીને દેશભરમાં મુસાફરી કરી શકશે. જમ્મુ અને કાશ્મીરને આજે પહેલી ઈલેક્ટ્રિક ટ્રેન મળી છે.જ્યારે દેશમાં વંદે ભારત આધુનિક ટ્રેન શરૂ કરવામાં આવી ત્યારે તેના પ્રારંભિક રૂટ તરીકે જમ્મુ અને કાશ્મીરને પસંદ કરવામાં આવ્યું હતું. માતા વૈષ્ણોદેવી સુધી પહોંચવાનું સરળ બનાવ્યું. ગામડાના રસ્તા હોય કે નેશનલ હાઈવે, ચારેય તરફ કામ ચાલી રહ્યું છે. જ્યારે આ કામ પૂર્ણ થશે ત્યારે ખેડૂતો અને ટુરિઝમને ફાયદો થશે.મોદીએ કહ્યું કે તમે લોકોએ નમો ડ્રોન દીદી વિશે સાંભળ્યું જ હશે. મોદીની ગેરંટી છે કે મહિલાઓને ડ્રોન પાઈલટ બનાવવામાં આવશે. એક મહિલાને સાંભળતો હતો, તે કહેતી હતી કે તેને સાઈકલ ચલાવતા આવડતી નથી અને આજે ટ્રેનિંગ લીધા બાદ તે ડ્રોન પાઈલટ બનીને જઈ રહી છે. આ ડ્રોન ખેતી અને બગીચાના કામમાં મદદ કરશે. હજારો સ્વ-સહાય જૂથોને લાખો રૂપિયાના ડ્રોન આપવામાં આવશે.વડાપ્રધાને કહ્યું- ૩૭૦ પછી આજે મેં દેશવાસીઓને હિંમત સાથે કહ્યું છે કે આગામી ચૂંટણીમાં ભાજપને ૩૭૦ આપો અને દ્ધદ્ઘછને ૪૦૦ પાર કરાવી દો. સૌ સાથે મળીને આગળ વધીશું. અહીંના લોકો જે દાયકાઓથી ગરીબીમાં જીવી રહ્યા હતા તેઓને પણ આજે સરકારના અસ્તિત્વનો અહેસાસ થયો છે. આજે જુઓ, દરેક ગામમાં એક નવી રાજકારણની લહેર શરૂ થઈ ગઈ છે. ભ્રષ્ટાચાર અને તુષ્ટિકરણ સામે યુવાનોએ બ્યૂગલ વગાડ્યું છે. દરેક યુવાનો પોતાનું ભવિષ્ય લખવા નીકળી પડ્યા છે. જ્યાં બંધ અને હડતાલથી સુમસામ હતું, ત્યાં જીંદગીની ધમધમાટ દેખાય છે. અગાઉની સરકારોએ અહીં રહેતા આપણા સૈનિક ભાઈઓને પણ સન્માન આપ્યું નહોતું.મોદીએ કહ્યું કે આજે આપણે નવા જમ્મુ-કાશ્મીરનું નિર્માણ થતું જોઈ રહ્યા છીએ. રાજ્યના વિકાસનો સૌથી મોટી અડચણ કલમ ૩૭૦ હતી. ભાજપ સરકારે કલમ ૩૭૦ હટાવી દીધી છે. હવે જમ્મુ-કાશ્મીર વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. મેં સાંભળ્યું છે કે આ અઠવાડિયે ૩૭૦ પર એક ફિલ્મ રિલીઝ થવાની છે. મને લાગે છે કે દેશમાં તમારો જય-જયકાર થવાનો છેમોદીએ કહ્યું કે એક સમય હતો જ્યારે સ્કૂલોને સળગાવવામાં આવતી હતી, આજે તે સમય છે જ્યારે સ્કૂલોને શણગારવામાં આવે છે. આજે, જમ્મુ અને કાશ્મીરની આરોગ્ય સેવાઓ ઝડપથી સુધરી રહી છે. ૨૦૧૪ પહેલા મેડિકલ કોલેજોની સંખ્યા માત્ર ૪ હતી, આજે મેડિકલ કોલેજોની સંખ્યા વધીને ૧૨ થઈ ગઈ છે. સ્મ્મ્જીમાં ૨૦૧૪માં ૫૦૦ સીટો સામે ૧૩૦૦થી વધુ સીટો છે. જમ્મુ અને કાશ્મીર દેશનું એક એવું રાજ્ય છે જ્યાં બે છૈંસ્જી બનાવવામાં આવી રહી છે. મને આમાંથી એકનું ઉદ્ઘાટન કરવાની તક મળી છે.આઝાદી પછી, ઘણા દાયકાઓ સુધી દિલ્હીમાં છૈંસ્જી હતી, ગંભીર બીમારી માટે, તમારે સારવાર માટે દિલ્હી જવું પડ્યું. હું તમને અહીં જમ્મુમાં જ છૈંસ્જીની ગેરંટી આપી હતી. આ ગેરંટી પૂરી કરવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ૧૫ નવી છૈંસ્જીને મંજૂરી આપવામાં આવી છે.મોદીએ કહ્યું કે ૧૦ વર્ષ પહેલા સુધી શિક્ષણ અને કૌશલ્યના ક્ષેત્રમાં આ સ્તરે વિચારવું મુશ્કેલ હતું, પરંતુ આ નવું ભારત છે. આ ભારત પોતાની પેઢીને આધુનિક શિક્ષણ આપવા માટે વધુને વધુ ખર્ચ કરી રહ્યું છે.છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં રેકોર્ડ સંખ્યામાં સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ બનાવવામાં આવી છે.એકલા જમ્મુ અને કાશ્મીરમાં લગભગ ૫૦ નવી ડિગ્રી કોલેજો બનાવવામાં આવી છે. ૪૫ હજારથી વધુ બાળકો સ્કૂલમાં એડમિશન લીધા છે. આ તે બાળકો છે જેઓ પહેલા સ્કૂલે જતા ન હતા. મને ખુશી છે કે અમારી દીકરીઓને આ સ્કૂલોથી સૌથી વધુ ફાયદો થયો છે.

## હવે ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ વર્ષમાં ૨ વખત આપી શકશે બોર્ડની પરીક્ષા, શિક્ષણ મંત્રીએ આપી માહિતી

નવી મુંબઇ,તા. ૨૦

ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાને લઈને સૌથી વધુ ચિંતિત રહેતા હોય છે. તેથી હવે આ તણાવને ઓછો કરવા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એક મહત્વનો નિર્ણય લીધો છે. હવે વિદ્યાર્થીઓ વર્ષમાં બે વખત બોર્ડની પરીક્ષા આપી શકશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે



જણાવ્યું હતું કે, શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬થી, વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપવાનો વિકલ્પ મળશે. વધુમાં પ્રધાને જણાવ્યું હતું કે આ યોજનાનો હેતુ શૈક્ષણિક તણાવ ઘટાડવા અને ૨૦૨૦ માં શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (દ્ગઈઁ) માં આપવામાં આવેલા ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાનો છે.રાયપુરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન, શિક્ષણ મંત્રી પ્રધાને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો, નવા પરીક્ષા ફોર્મેટ પ્રત્યેના તેમના સ્વાગતનું મૂલ્યાંકન કર્યું.

## 'I.N.D.I.A.' ગઠબંધનને મોટો ઝટકો, કોંગ્રેસ અને સપા અલગ, બેઠક વહેંચણી મુદ્દે બાજી બગડી

ઉત્તર પ્રદેશમાં તમામ પ્રયાસો બાદ પણ હવે 'I.N.D.I.A.' ગઠબંધન વિખેરાઈ ચૂક્યું છે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે બેઠકો પર વાત નથી બની શકી. ત્યારબાદ હવે સપા 'I.N.D.I.A.' ગઠબંધનથી અલગ થઈને ચૂંટણી લડશે. સૂત્રોના જણાવ્યાનુસાર, બંને પાર્ટી રાજ્યની તમામ બેઠકો પર ચૂંટણી લડશે.ગત લાંબા સમયથી સપા અને કોંગ્રેસ વચ્ચે બેઠકોને લઈને વાતચીત ચાલી રહી હતી. પરંતુ અંતમાં બંને પાર્ટીઓ વચ્ચે વાત ન બની શકી. સૂત્રોના અનુસાર, સપા તરફથી કોંગ્રેસને કુલ ૧૭ બેઠકો ઓફર કરાઈ હતી, પરંતુ કોંગ્રેસ ૨૦થી ઓછી બેઠકો પર કોઈ પણ સંજોગોમાં વાત કરવા માટે તૈયાર ન હતી. તેના માટે કોંગ્રેસ તરફથી સપાને વધુ એક યાદી અપાઈ હતી.સૂત્રોના અનુસાર, સપા તરફથી કરાયેલી ઓફરમાં અમેઠી, રાયબરેલી, વારાણસી, અમરોહા, બાગપત, સહારનપુર, ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, બુલંદશહેર, ફતેહપુર સીકરી, હાથરસ, ઝાંસી, બારાબંકી, કાનપુર, સીતાપુર, કૈસરગંજ અને મહારાજગંજ બેઠક સામેલ હતી, પરંતુ કેટલીક બેઠકો પણ હતી, જેને લઈને બંને પાર્ટીઓ વચ્ચે મતભેદ ચાલી રહ્યો હતો. જો કે ગત દિવસોમાં જ્યારે સપાએ પોતાના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી, તે સમયે પાર્ટી તરફથી કેટલીક એવી બેઠકો પર ઉમેદવારોનું એલાન કરી દેવાયું હતું, જેના પર કોંગ્રેસને વાંધો હતો. પાર્ટી તરફથી કેટલાક નેતાઓ દ્વારા અપાયેલા નિવેદનોમાં તેના સંકેત પણ મળ્યા હતા.

## ગુજરાતી ભાષા ઉદ્‌ભવની ઘટના અને ઇતિહાસ



પૂર્વ ઘટના :-

તત્કાલિન સ્વતંત્ર રાજ્ય ગુર્જર પ્રદેશ (પ્રવર્તમાન ગુજરાત રાજ્ય)માં સોલંકી વંશના સંસ્થાપક અને પ્રથમ શાસક મૂળરાજ સોલંકી (જન્મ : - ઈ.સ. ૯૪૦, મૃત્યુ :- ઈ.સ. ૧૦૦૮), (આયુષ્ય :- ૬૮વર્ષ)

તત્કાલિન સ્વતંત્ર રાજ્ય માળવા (પ્રવર્તમાન મધ્ય પ્રદેશ રાજ્ય)ના પરમાર વંશના આઠમા શાસક વાકપતિ મુન્જ (પૃથ્વી વલ્લભ) (જન્મ : - ઈ.સ. ૯૪૮ , મૃત્યુ :- ઈ.સ. ૧૦૧૦), (આયુષ્ય :- ૬૨ વર્ષ).

પોત-પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવા માટે વિસ્તારવારની નીતિને કારણે ઈ.સ. ૯૭૨થી ઈ.સ. ૯૯૦ વચ્ચેના ૧૮ વર્ષ માં લગભગ ૮ વાર યુદ્ધ થયાં હતાં. આ શત્રુતા તેમના વંશની આઠ-આઠ પેઢી સુધી ચાલતી રહી.

અંતમાં સતત ૪૮ વર્ષ સુધી ગુજરાત રાજ્યનું સ્થિર શાસન કરનાર, ગુજરાતના ચંદ્રગુપ્ત મૌર્ય તરીકે ઓળખાતાં અને બર્બરીક જીષ્ણુ અને સિધ્ધરાજ એવા અનેક ઉપનામ મેળનાર તથા પ્રત્યેક યુદ્ધ સદા-સર્વદા હિમાલય પર્વતની જેમ અપરાજેય રહેનારા સોલંકી વંશના મહાપરાક્રમી અજેય રાજા સિદ્ધરાજ જયસિંહ (જન્મ : - ઈ.સ. ૧૦૮૦, મૃત્યુ:- ઈ.સ. ૧૧૪૪, વિક્રમાદિત્ય સંવત્સર :- ૧૨૦૦, કૃતિકા (કારતક) શુક્લ (સુદ) દ્વિતિયા (બીજ) એટલે કે ભાઈબીજનો દિવસ), (આયુષ્ય : - ૬૪ વર્ષ) અને પરમાર વંશના યશવર્મન/અનંતવર્મન (શાસન કાળ : - ઈ.સ. ૧૦૩૦ - ઈ.સ. ૧૦૪૨) સમકાલીન શાસકો હતા.

મૂળ ઘટના :-

ઈ.સ. ૧૦૯૨માં સિધ્ધરાજ જયસિંહની ઉંમર ૧૨ વર્ષ હતી ત્યારે સતત ૨૮ વર્ષથી સ્થિર શાસન કરી રહેલાં તેમના પિતા કર્ણ દેવ સોલંકીનું ૫૪ વર્ષની ઉંમરે મૃત્યુ થયું. સિધ્ધરાજ જયસિંહ હજું ૧૬ વર્ષના થયા ન હતાં તેથી તેમના માતા રાજમાતા મીનળદેવી રાજ્યનો કારભાર સંભાળતા હતાં. ઈ.સ. ૧૦૯૬માં સિધ્ધરાજ જયસિંહનો રાજ્યાભિષેક થયો અને ૪૮ વર્ષ સુધી અખંડ શાસન કર્યું. આ દરમિયાન અનેક યુધ્ધ થયાં પરંતુ સિધ્ધરાજ જયસિંહ સદા સર્વદા અપરાજિત રાજા રહ્યા.

ઈ.સ. ૧૧૩૫માં રાજમાતા મીનળદેવી ભગવાન શ્રીકૃષ્ણની નગરી દેવભૂમિ દ્વારિકાની તીર્થ યાત્રાએ ગયા અને પાછા વળતાં સમયે સિધ્ધરાજ જયસિંહ પોતાની માતાને સામેથી તેડવા ગયા.

ધંધુકા નગરમાં મા-દીકરાનો સુખદ મેળાપ થયો પરંતુ ત્યાં જ ગુપ્તચરો દ્વારા સમાચાર મળ્યા હતા કે રાજાની ગેરહાજરી હોવાથી રાજધાની "અણહિલવાડ" (પ્રવર્તમાન પાટણ નગર) ઉપર માળવાના રાજા યશવર્મન/ અનંતવર્મનએ સમસ્ત સૈન્ય સહિત પૂર્ણ શક્તિથી આક્રમણ કર્યું હતું.

એકપણ યુદ્ધ ન હારેલા રાજા સિધ્ધરાજ જયસિંહ ફરી એકવાર માળવાના રાજા યશવર્મન/ અનંતવર્મનને પરાજિત કરે છે. (ઈ.સ. ૧૧૩૫) હારેલો રાજા જીતેલા રાજાની આધિનતા સ્વીકારે છે અને પ્રત્યેક વર્ષ ખંડણી ભરવાનું નક્કી કરે છે, પરંતુ હારેલો રાજા યશવર્મન/અનંતવર્મન જીતેલા રાજા સિદ્ધરાજ જયસિંહને મહેણું મારે છે, "હે રાજન! તારા સમૃદ્ધ ગુર્જર પ્રદેશમાં તમારા રાજ્યની કોઈ રાજ ભાષા નથી?"

આટલું સાંભળતા જ જલવંત જીતનો નશો ચકનાચૂર થઈ ગયો. સિધ્ધરાજ જયસિંહ આખી રાત સુઈ ન શક્યો.

ગુજરાતી ભાષાની રચના અને ઉદ્‌ભવ :-

પ્રભાત થતાં જ સિધ્ધરાજ જયસિંહ નવી ભાષા બનાવે તેવા વિદ્વાન મહાપુરુષ જૈનાચાર્ય કલિકાલજ્ઞ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો ભેટો થયો.

સંસ્કૃત, પ્રાકૃત, અને પાલી એમ ૩ ભાષાના વ્યાકરણનો સુક્ષ્મતાપૂર્વક ઊંડો અભ્યાસ કરીને હેમચંદ્રાચાર્ય એ ઈ.સ. ૧૧૩૫માં ગુજરાતી ભાષાની રચના કરી.

જાણી અજાણી ઘટના :-

- તે સમયે હાથીની અંબાડી ઉપર બેસાડીને સર્વોચ્ચ સન્માન અપાતું હતું.
- હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત વ્યાકરણ ગ્રંથ "સિધ્ધ હેમ શબ્દાનુશાસન" ને હાથીની અંબાડી ઉપર સ્થાપિત કરીને તે સમયે ૧,૦૦,૦૦૦ ની વસ્તી ધરાવતા "અણહિલવાડ પુર" (પાટણ)માં તેની શોભાયાત્રા કાઢવામાં આવી.
- તે સમયે લગભગ ૧૫૦૦ જૈન સાધુઓએ આ ભાષા સમગ્ર ગુજરાત રાજ્યમાં શીખવી અને માત્ર ૫૦ વર્ષ પશ્ચાત ગુજરાતી ભાષાની સર્વ પ્રથમ નવલકથા ભરતેશ્વર બાહુબલી રાસ પણ લખાઈ. (ઈ.સ. ૧૧૮૫).

**(સંકલિત)- નયના જે. સોલંકી- આંખો.**

## મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજનારો રાજ્ય ‘સ્વાગત’ આગામી ગુરૂવાર તા. ૨૨ ફેબ્રુઆરીએ યોજાશે નહી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાનારો જન ફરિયાદ નિવારણનો રાજ્ય ‘સ્વાગત’ આગામી તા. ૨૨ ફેબ્રુઆરીએ યોજાશે નહીં.

પ્રજાજનોની રજૂઆતો અને તેના નિવારણ માટે ટેકનોલોજીના વિનિયોગથી દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્ય ‘સ્વાગત’ ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

ફેબ્રુઆરી મહિનાનો રાજ્ય ‘સ્વાગત’ જે આગામી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ ગુરૂવારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજવાનો હતો તે આ ગુરૂવારે અનિવાર્ય કારણોસર યોજાશે નહીં.સૌ સંબંધ કર્તાઓને આ અંગેની નોંધ લેવા મુખ્યમંત્રીશ્રીના જન સંપર્ક એકમ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## તંત્રી લેખ......

# અંતર્દષ્ટિ-ધર્મ અને વિજ્ઞાન

ધર્મનો સાર છે માનવતા. મનુષ્યનું જીવન સફળ થાય એ જ ધર્મનું લ-ય છે. સંસારમાં સુખ-શાંતિ સ્થાપિત થાય, એ જ ધર્મનું લક્ષણ છે. તમામમાં એકબીજા પ્રતિ પ્રેમ, સહચર્ય, એકતા અને સમર્પણભાવ જાગ્રત થાય, એ જ ધર્મનો ઉદ્દેશ્ય છે. ધર્મ પરિવાર, કુટુંબ, જાતિ, વર્ગ, સંપ્રદાય, દેશ અને ભૂમંડળમાં સર્વત્ર સમુદાયો સાથે પરસ્પર મેળ સાથે રહેવાનું શીખવ્યું છે. ધર્મે સદૈવન સહિષ્ણુતાને પુષ્ટિ કરી, સમરસતાને વિકસિત કરી. ધર્મ જીવન માત્રમાં સંવેદનનો પ્રેરક બન્યો. તમામ જીવધારી પ્રકૃતિ અનુસાર ચેતના વિકસિત કરે, આવી ક્રમિક પ્રક્રિયાનો સંસ્કાર સ્વાભાવિક છે. વિજ્ઞાન મૂખ્યત્વે માનવતાનું સહાયક તંત્ર છે. વિજ્ઞાન કર્મને ધર્મનો માર્ગ દેખાડ્યો છે. કર્મ વિના ધર્મની ઓળખ થઇ ન શકે. ધર્મરહિત કર્મનો કોઇ અર્થ નથી. ધર્મ વ્યાપક છે, કર્મ એટલું વ્યાપક નથી એટલે કે કર્મનો ધર્મના અંતર્ગત માનવાનું ઉચિત નહીં લેખાય. વિજ્ઞાનની પ્રતિબદ્ધતા ધર્મ સાથે છે, એક રીતે તે ધર્મ પ્રતિ ઉત્તરદાયી છે. વિજ્ઞાન વસ્તુતઃ ધર્મનું શિક્ષણ અને તેની શિસ્તનો માર્ગ પ્રશસ્ત કરે છે. આ યુગમાં સૌથી મોટો ભ્રમ એ છે કે, વિજ્ઞાન ઈશ્વરના અસ્તિત્વને નથી માનતું અને તે પ્રકૃતિના રહસ્યોની શોધ કરી રહ્યું છે. પ્રકૃતિના રહસ્યો બિલકૂલ સાગરમાં છૂપાયેલા રત્નોના ભંડાર સમાન છે.કોઇ મહાન વૈજ્ઞાનિકે સાચું જ કહ્યું છે કે મેં આજે જે શોધ કરી છે, તે નગણ્ય છે. બિલકૂલ એ જ રીતે જે રીતે કોઇ બાળક સમુદ્રના કિનારે બેસીને કેટલાક કાંકરા એકત્ર કરી ખુશ થાય છે. આ અનુભૂતિ એ એક વૈજ્ઞાનિકની છે જેના અનેક આવિષ્કારોએ વિશ્વની તસવીર અને તકદીર બદલી નાખી છે. અન્ય વૈજ્ઞાનિકોએ પણ પ્રકૃતિની અંદર છૂપાયેલ પરમ સત્તાનો અનુભવ કર્યો છે. તે જ સત્તા સુધી પહોંચવાનો માર્ગ દેખાડનાર ધર્મ જ તો છે. વિજ્ઞાનની દિશા ધર્મ તરફ જાય છે, અધર્મ તરફ નહીં. આ જ રીતે વિજ્ઞાન માટે ધર્મનો માર્ગ જ સાચો અને કલ્યાણકારી છે. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઇને કહ્યું હતું કે વિજ્ઞાન વિના ધર્મ અને ધર્મ વિના વિજ્ઞાન અધૂરૂ છું.

# 'બોનસ'




પપ્પા આંખ બંધ કરી સાંભળતા હતાં અને હું છાપું વાંચવાનો દેખાવ માત્ર કરતો હતો. ખરેખર અમારા બંનેનું ધ્યાન અને કાન રસોડામાં મમ્મીના અને રાધા વચ્ચે ચાલી રહેલ ઉગ્ર સંવાદ તરફ હતું.

'બોન બોણી તો આપવી જોઈએને અમારે દિવાળીની ખરીદી કરવાની ન હોય..'રાધા બોલી.

મમ્મી સામે જવાબ આપતી હતી, 'આખું વર્ષ મફત થોડી કામ કરે છે માંગ્યો પગાર તો અમે તને ચૂકવીએ છીએ. ૫૦૧થી વધારે બોણી ન મળે. ફાવે તો કામ કરવાનું.'

રાધા બોલી, 'બુન ૫૦૧ માં શું થાય ? બાળકોનાં નવાં કપડાં, મારા નવા કપડાં અને ઘરે મીઠાઈ અને ફટાકડા પણ લાવવાના કે નહીં ?'

'પણ તને તો દરેક ઘરેથી બોણી મળવાનીને.' મમ્મીએ વળતો પ્રહાર કર્યો.

'બોન ચાર ઘરના કામ કરૂં છું.બધા ૫૦૦ રૂપિયા આપે તો શું થાય ? બુન રહેવા દયો..હું વ્યવસ્થા જાતે કરી લઈશ.' આટલું બોલી રાધા ઘરમાં કચરા પોતા કરવા લાગી.

કોઈ પાસે હાથ લાંબો કર્યા વગર જ્યારે તમારા કામ પુરા થતા હોય ત્યારે સમજી લેજો કોઈ અદ્રશ્ય શક્તિ તમારૂં રક્ષણ કરી રહી છે અથવા તેની કૃપા તમારા ઉપર વરસી રહી છે. રાધા કામ પૂરું કરી ઘરની બહાર નીકળી, પણ આજે તે દુ:ખી મને ઘરની બહાર નીકળી જે મને જરા પણ ન ગમ્યું.

મારી આંખ ભીની થઈ. મમ્મી સાથે આ બાબતે ચર્ચા કરવાનો કોઈ અર્થ ન હતો.. કારણકે એ મને ઘણી વખત કડક શબ્દોમાં કહેતી તારે અમારી વાતોમાં વચ્ચે ન પડવું. પપ્પાનો સ્વભાવ પણ મારા જેવો હતો. પપ્પા પણ સરકારમાં કલાસ વન ઓફિસર હતા. અને હું મલ્ટિનેશનલ કંપનીમાં વર્ક મેનજર તરીકે ફરજ બજાવું છું. ઘરમાં આવકની કોઈ તકલીફ ન હતી. છતાં પણ મમ્મી કેમ આમ કરતી હશે ?

એ દિવસે સાંજે અમે ડાઈનિંગ ટેબલ ઉપર જમવા બેઠા ત્યારે મેં મમ્મી પપ્પાને વાત કરી કે,
'આ દિવાળી ઉપર અમારી કંપની કર્મચારીને બોનસ નહિ આપે ફક્ત સ્વીટ બોક્સ જ આપશે તેવો ઈ મેઈલ ઉઁઈ માંથી આવ્યો હતો.'

મમ્મી ગંભીર થઈ બોલી..
'એવું થોડું ચાલે આખું વર્ષ કામ કર્યું હોય તો બોનસ તો આપવું જ જોઈએ ને? સ્વીટ બોકસને શું કરવાનું?'

મેં કહ્યું, 'મમ્મી કંપનીના કર્મચારીઓ ભેગા થઈ કહેવા ગયા તો કંપનીના માલિક કહ્યું કે દર મહિને પગાર તો આપીએ છીયે કંપની નફો કરશે તો જ બોનસ મળશે. જેને નોકરી કરવી હોય તે કરે નહિતર નવી ગોતી લે.'

મમ્મી કહે, 'આ તો દાદાગીરી કહેવાય...આ વખતે કેટલું બોનસ તને મળવાનું હતું?'

મેં કહ્યું, 'પચાસ હજાર..'
મમ્મી નિરાશ થઈ જમવા લાગી. હું હસતો હસતો ઉભો થયો પપ્પા મમ્મી ને પગે લાગ્યો...

પપ્પા મમ્મી એ પૂછ્યું, 'કેમ અચાનક?'

મેં કહ્યું, 'હું ખોટું બોલતો હતો. કંપનીએ ગયા વર્ષ કરતા નફો ડબલ કર્યો એટલે દરેક કર્મચારીને બેસિક પગારના ૧.૫ પગાર બોનસ જાહેર કર્યું એટલે ૭૫૦૦૦ રૂપિયા બોનસ આવશે.'

મમ્મી પપ્પા ખુશ થયા...

મેં મમ્મી ને કહ્યું, 'મમ્મી ખરાબ ન લગાડતી... પણ તારા દીકરાને બોનસ મળે તો ખુશી થાય. તો આપણા ઘરે કામ કરતી રાધાને બોનસ મળે તો એ અને તેનો પરિવાર ખુશ ન થાય ? મમ્મી તને નથી લાગતું ઈશ્વર આંખ બંધ કરી આપણને આપી રહ્યો છે. મમ્મી રાધાને નારાજ ન કરતી નહિતર મારો કાનો નારાજ થઈ જશે.'

મમ્મી અને પપ્પાની આંખો ભીની થઈ. મમ્મી બોલી,
'બેટા તારી વાત ૧૦૦% સાચી છે..આપણા આનંદ શાંતિ પાછળ ઈશ્વરકૃપા તો ખરી પણ કોઈની દુવા પણ છુપાયેલ હોય છે. જે દેખાતી નથી તેનો અનુભવ થાય છે. મને મારી ભૂલ સમજાઈ છે.'

પપ્પા બોલ્યા, 'બેટા મને ગર્વ છે તારા પર. મંદિરોમાં દાન દક્ષિણા આપવા કરતા આપણી નજર સામે ૩૬૫ દિવસ આપણું કામ કરતા લોકોને સાચવી લેશું તો ઈશ્વર તેમાં પણ ખુશ રહેશે. ઈશ્વર તો કોઈની ઉપર કૃપા વરસાવવા માધ્યમ ગોતતો હોય છે..અને એ માધ્યમ તરીકે જો આપણને પસંદ કરે તો સમજી લેવું આપણો માનવ જન્મ સફળ થયો.'

'મમ્મી એક ભગવાન જ છે જે ગણ્યા વગર આપે છે.'

રાધા ઘરે કામ કરવા આવી પણ રોજની જેમ મમ્મીને જયશ્રી ક્રિષ્ન ન કહ્યું. મમ્મી ઉભી થઈ રાધાના માથે હાથ ફેરવી બોલી, બેન રાધા આજે મને જય શ્રી ક્રિષ્ન નહીં કહે?'
રાધાની આંખ ભીની હતી.
મમ્મી બોલી, 'બેન રાધા તને ખરાબ લાગ્યું હોય તો માફ કરજે. મને મારી ભૂલ સમજાણી છે. લે આ કવર, તેમાં દસ હજાર રૂપિયા છે. ૫૦૦૦ અમારા તરફથી અને ૫૦૦૦ મારા પુત્ર સ્વીટુ તરફથી.'

'અરે બુન આટલા બધા ન હોય.' રાધા બોલી.

મમ્મી બોલી, 'આજે રવિવાર છે. હું ઘરનું કામ જાતે કરી લઈશ. તું આજે દિવાળીની ખરીદી કરવા જા.'

મેં જોયું તો રાધાની આંખ પણ ભીની હતી અને મમ્મીની પણ. આજે મને અમારા ઘરમાં સાચી દિવાળીની ઉજવણી ચાલુ થઈ હોય એવું લાગ્યું. વગર દીવે ઘરમાં માનવતાના દીવા પ્રગટ્યા તેવો આભાસ મને થયો.

-રેખા શુક્લ શિકાગો-અમેરીકા

# વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે સરકાર ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્તતા પરત આપી માઁ ભાષા ગુજરાતીનું ઋણ ચૂકતે કરે



**સરકારના ચરણ ચૂમી રહેલ ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા માટે સત્તાધીશો સામે ઝઝૂમી રહેલા સાહિત્યકારશ્રીઓને ગુજરાત કોંગ્રેસનું જાહેર સમર્થન : હેમાંગ રાવલ**

**વિશ્વ માતૃભાષા દિવસની સાચી ઉજવણી માટે ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્ત કરો : હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો-કન્વીનર , કો-ઓર્ડીનેટર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આવતીકાલે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ માતૃભાષા દિવસની ઉજવણી થનાર છે. ભારતમાં ભાષાવાર બોલનાર લોકોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતી ભાષા છઠ્ઠા ક્રમે સૌથી વધુ બોલાતી ભાષા છે. જે ભારતની વસતીના લગભગ ૪.૫ ટકા થવા જાય છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતી ભાષા બોલતા લોકોની સંખ્યા ૭ કરોડ જેટલી છે, જેથી ગુજરાતી ભાષા વિશ્વમાં ૨૬મા ક્રમની સૌથી વધુ બોલાતી ભાષા તરીકેનું સ્થાન ધરાવે છે. પરંતુ આજે ગુજરાતમાં ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસારની જવાબદારી જેની છે તે ગુજરાત સાહિત્ય અકાદમીનું નવનિર્મિત પરિસરનું આજે ઉદ્ઘાટન થનાર છે, તે રાજકીય જંજીરોમાં જકડાયેલી છે અને તેને સ્વાયત્ત કરવા માટે ગુજરાતના સાહિત્યકારો સ્વાયત્તતાની લડત લડી રહ્યા છે.

ભારતના સૌ પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુએ લોકતાંત્રિક રીતે સંગીત નાટ્ય એકેડમી અને કેન્દ્રીય સાહિત્ય એકેડેમીની સ્થાપના કરેલી અને એ મુજબની એક ગુજરાતી સાહિત્યની પણ એકેડમી હોવી જોઈએ એ મુજબની માંગ ઉમાશંકર જોશી એ કરેલી જેના કારણે એક સમિતિ બની અને સર્વશ્રી યશવંત શુક્લ, શ્રી ચીમનલાલ ત્રિવેદી, શ્રી ધીરુભાઈ પરીખ વગેરેએ ભેગા મળીને બંધારણ બનાવ્યું હતું જેના અનુસાર લોકતાંત્રિક અને લોકશાહી ઢબે ગુજરાતમાં સાહિત્ય સાથે સંકળાયેલા દિગ્ગજો, યુનિવર્સિટીના પ્રતિનિધિઓ, સાહિત્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ, જ્ઞાનપીઠ જેવા પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવેલા પ્રતિનિધિઓ વગેરે ઉપરોક્ત એકેડમીના સદસ્ય તરીકે નીમવામાં આવતા અને તેઓ લોકશાહી ઢબે સાહિત્ય અકાડમીના પ્રમુખ ચુંટતા હતા. પરંતુ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સાહિત્ય અકાદમીમાં ચૂંટણી પ્રક્રિયાને બંધ કરી દીધી હતી અને સઘળો વહીવટ મહામાત્રશ્રી (રજીસ્ટારને) સોંપી દેવામાં આવ્યો. ત્યારબાદ શ્રી આનંદીબેન પટેલના મુખ્યમંત્રી શાસનમાં ઉપરોક્ત બંધારણને રદ કરીને એ પ્રમાણે કલમ લખવામાં આવી કે ×ગુજરાત રાજયના જે પણ મુખ્યમંત્રી હશે તેમને કારોબારી અને સાહિત્ય અકાદમીના પ્રમુખ નીમવાની સત્તા આપવામાં આવે છે× અને રૂ. ૧૫ કરોડના વાર્ષિક બજેટ વાળી ગુજરાત સાહિત્ય અકાદમીમાં સાહિત્ય સાથે સ્નાનસ્તુતકનોય સંબંધ ના હોય તેવા લોકોને કારોબારીમાં સ્થાન આપવાની શરૂઆત થઈ.

આ બાબતનો આખી જિંદગી, મૃત્યુપર્યંત વિરોધ કરનાર સ્વર્ગસ્થ શ્રી નિરંજન ભગત, શ્રી ધીરુભાઈ પરીખ, શ્રી ચંદ્રકાંત ટોપીવાલા, શ્રી શિરીષ પંચાલ, શ્રી ગુલાબ મહંમદ શેખ, પદ્મશ્રી સિતાંશુ યશચંદ્ર, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને પદ્મશ્રી રઘુવીર ચૌધરી, શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી સતીશ વ્યાસ, શ્રી હર્ષદ ત્રિવેદી, શ્રી પ્રફુલ રાવલ, શ્રી ભરત મહેતા સહિત અગ્રણી સાહિત્યકારો સાહિત્ય અકાદમીને સ્વાયત્ત કરવા લડત લડી રહ્યા છે. ૪૫૦૦થી વધુ સાહિત્યકારો અને સાહિત્ય સંસ્થાઓ જેના સભ્ય છે તે ૧૧૮ વર્ષ જૂની ગુજરાતી સાહિત્ય પરિષદની સામાન્ય સભાએ પણ સરકારી અકાદમીના કાર્યક્રમોનો બહિષ્કાર કરીને વિરોધ કરેલ છે.

બીજી તરફ સરકાર માત્ર જાહેરાતો કરીને ગુજરાતી ભાષા પોતાની ફરજ અદા કરવામાં ચૂપ કરી રહી છે ગયા વર્ષે ગુજરાત વિધાનસભામાં ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવાનું સર્વાનુમતે બિલ પસાર થયા બાદ પણ ઈન્ટરનેશનલ બોર્ડ સી.બી.એસ.સી બોર્ડની મોટાભાગની શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવાતો નથી. ગયા વર્ષે બોર્ડની પરીક્ષામાં બે લાખ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં નાપાસ થયા હતા. તાજેતરમાં આવેલા સર્વે મુજબ ૧૪ થી ૧૮ વર્ષના ૨૫ ટકા બાળકો માતૃભાષા વાંચી શકતા નથી. અધૂરામાં પૂરું ગત વર્ષે ૧૦ ગુજરાતી માધ્યમની શાળાઓને તાળા વાગી ગયા અને સરકારે ઘણી મોટી સંખ્યામાં નવી અંગ્રેજી માધ્યમની શાળાઓને મંજૂરી આપી. ગુજરાતની કોલેજોમાં ગુજરાતી વિષયના અધ્યાપકો અને શાળાઓમાં ગુજરાતી વિષયના શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી રહી અને લાખો વિદ્યાર્થીઓ ગુજરાતીના શિક્ષણથી વંચિત રહેલ છે.માતૃભાષાથી બાળકો કેળવાય તેના માટે ભારતના અનેક રાજ્યોમાં ગ્રંથાલય ધારો પસાર કરેલ છે અને તેના મુજબ રાજ્યમાં જેટલા ગામ હોય તેટલા ગામમાં લાઈબ્રેરી ફરજિયાત હોવી જોઈએ ગુજરાતમાં પણ ગુજરાતી ભાષાના વિકાસ માટે આવા પ્રકારનો ધારો અસ્તિત્વમાં લાવી ગુજરાતના દરેક ગામે ગામ પુસ્તકાલય બનાવવાની તાકીદે જરૂર છે.થોડાક સમય પહેલાં રાજ્ય સરકારે ગુજરાતમાં જાહેર સ્થળોના બોર્ડ, યુનિવર્સિટી, સંસ્થાઓ, દુકાનોના બોર્ડ ગુજરાતીમાં જ લખાય એ મુજબનો એક આદેશ પસાર કર્યો હતો. પરંતુ આ આદેશને કોઈએ ગંભીરતાથી લીધો નથી. તે બાબતે ગંભીરતાથી લઈને અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ શોપ્સ એન્ડ એસ્ટાબ્લીઝ એક્ટમાં ફરજિયાત માતૃભાષાને સામેલ કરવામાં આવે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સાહિત્યકારોની માગણીને સમર્થન જાહેર કરે છે કે ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્તતા આપવામાં આવે અને અસલ બંધારણને વિધાનસભામાં પસાર કરીને પુનઃસ્થાપિત કરવામાં આવે તોજ માતૃભાષા દિવસ હકીકતમાં સાર્થક થયેલ ગણાશે.રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા અને મીડિયા પેનાલિસ્ટ શ્રી રમેશ વોરા ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ

# ૨૧ ફેબ્રુઆરી, "વિશ્વ માતૃભાષા દિવસ"




દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ "આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ" ઉજવવામાં આવે છે. વિશ્વમાં ભાષા, સાંસ્કૃતિક વિવિધતા અને બહુભાષિતાને પ્રોત્સાહન આપવા તેમજ લોકોને પોતાની માતૃભાષા પ્રત્યે જાગૃત કરવાના હેતુથી ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯નાં દિવસને યુનેસ્કોએ "વિશ્વ માતૃભાષા દિવસ" જાહેર કર્યો હતો. યુએનનાં જણાવ્યા અનુસાર વિશ્વભરમાં બોલાતી ભાષાઓની સંખ્યા આશરે ૬૦૦૦થી વધુ છે. વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં જાપાની, અંગ્રેજી, રુશી, બંગાલી, પુર્તગાલી, અરબી, પંજાબી, મેંડારિન, હિન્દી અને સ્પેનિશ છે. સામાન્ય રીતે માતૃભાષા એટલે બાળકને માતા તરફથી મળેલી ભાષા. પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષાનો શબ્દ બાળકે સૌપ્રથમ સાંભળ્યો, કાલુ-કાલુ બોલવાનો પ્રયત્ન કર્યો હોય અને બાદમાં તે ભાષાનું શબ્દભંડોળ સમૃદ્ધ થવાથી તેના પર પ્રભુત્વ આવ્યું હોય તે માતૃભાષા. જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું હોય તે ભાષા એટલે માતૃભાષા.આપણી માતૃભાષાની વાત કરીએ તો ગુજરાતી ભાષાનો ઈતિહાસ ઘણો જૂનો છે. ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ આગવું અને સમૃદ્ધ છે. વર્લ્ડ લેન્ગવેજ ડેટાબેઝનાં ૨૨માં સંસ્કરણ ઈથોનોલોજ મુજબ વિશ્વભરની ૨૦ સૌથી બોલાતી ભાષાઓમાં છ ભારતીય ભાષાઓ છે, જેમાં હિન્દી ત્રીજા સ્થાન પર છે. હિન્દી પછી બંગાળી વિશ્વભરમાં બોલાતી ભાષાઓમાં સાતમા સ્થાને છે. ભાષા એ અભિવ્યક્તિનું સાધન છે. એનાં વગર અભિવ્યક્તિ શક્ય જ નથી. ભારતની પ્રાચીન ભાષા સંસ્કૃત છે. સંસ્કૃત ભાષા તમામ ભાષાઓની જનની છે. જો હવે વ્યવહારમાં સંસ્કૃત ન વાપરવામાં આવે એ તો સમજાય એવી વાત છે, પરંતુ એ આપણો વારસો છે એટલે સાવ લુપ્ત તો ન જ થવો જોઈએ. સંસ્કૃત ભાષા વાંચતા અને સમજતા તો આવડવી જ જોઈએ અને બાળકોને જેમ નાનપણથી જ અંગ્રેજી ભાષાનું વણગણ લાગાડવામાં આવે છે તેમ સંસ્કૃત ભાષા પણ શીખવવી જોઈએ. દરરોજ સંસ્કૃતનાં શ્લોકોનું ઉચ્ચારણ કરવાથી ઉચ્ચારણ શુદ્ધ થાય છે. તમામ ભાષાઓનું સન્માન કરવું જોઈએ અને પોતાની માતૃભાષાને ટકાવી રાખવા એને કંઠસ્થ કરવી જોઈએ.મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી, પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે – નર્મદ

**મિત્તલ ખેતાણી**

# ભાવનગર ખાતે NCC સી સર્ટિફિકેટનું પેપર લીક થયું છે તે સરકાર માટે શરમજનક ઘટના : પ્રવીણ રામ

ગુજરાતમાં પેપર લીક થવા એ સામાન્ય બાબત બની ચૂકી છે,ભૂતકાળમાં ભાજપના શાસનમાં મોટાભાગની પરીક્ષાઓના પેપર લીક થયા છે,જ્યારે પેપર લીક ત્યારે સરકાર આવી પોતાનો લુલો બચાવ કરે છે અને હવે આવી ઘટના નહિ બને એવો વિશ્વાસ અપાવે છે પરંતુ આ વિશ્વાસ વધારે લાંબો સમય ચાલતો નથી ,થોડા ટાઈમ પછી ફરી પેપર લીક થવાની ઘટના સામે આવીને ઊભી જાય છે, પેપર લિંકની ઘટનાઓને રોકવા માટે ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા પેપર લીક બાબતે કડક કાયદો લાવી પેપર લીક કરનારને ૧૦ વર્ષની સજા અને ૧ કરોડનો દંડની સર્ચાઓ કરવામાં આવી ત્યારબાદ એવું લાગતું હતું કે હવે કદાચ પેપર લીકની ઘટના નહી બને પરંતુ હાલ સમાચાર મળ્યા કે ભાવનગર ખાતે દ્ગઝ્રઝ્ર સી સર્ટિફિકેટ નું પેપર લીક થયું છે અને એમના કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી

ત્યારે આ તકે આપ નેતા પ્રવીણ રામે ભાજપ સરકારને આડેહાથ હાથ લેતા ભાજપ સરકાર ઉપર અનેક



આક્ષેપો કર્યા , આ બાબતે પ્રવીણ રામે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ભાવનગર માં ફરીવાર પેપર ફૂટવાની ઘટના સરકાર માટે શરમજનક છે, આ રીતે વારંવાર પેપર ફૂટવાની બાબતને લઈને જાણે એવું લાગી રહ્યું છે કે આ ભાજપની સરકારને પેપર ફોડવાનું વ્યસન થઈ ગયું હોય, કોઈ વ્યસની માણસને વ્યસન મૂકવા માટે વડીલો ગમે તેટલી ટકોર કરે તો પણ તે વ્યસન મૂકી શકતો નથી એમ આ ભાજપની સરકારને આ પેપર લીક બાબતે ગુજરાતના યુવાનો, વડીલો અને તમામ સમાજો દ્વારા ગમે તેટલા સમજાવવામાં આવે તો પણ ભાજપ વ્યસન મૂકી શક્તિ ના હોય એમ ફરી પેપર ફૂટે, ફરી પેપર લીક થાય, જાણે એવું લાગે કે ભાજપને પેપર ફોડવામાં મજા આવતી હોય

ત્યારબાદ વધુમાં આપ નેતા પ્રવીણ રામે જણાવ્યું કે સરકાર દ્વારા પેપર લીક બાબતે ૧૦ વર્ષ જેલની સજા અને ૧ કરોડ નો દંડના કાયદાનો મતલબ શું?? આવા કાયદા પછી પણ સરકાર જો પેપર લીકની ઘટનાને ના રોકી શકતી હોય તો ગમે તેવા કાયદા બને એમનો કોઈ મતલબ નહી, કારણકે મહત્વનું છે કે પેપર લીકની ઘટના અટકવી જોઈએ પરંતુ એ ના અટકી શક્તિ હોય તો ભાજપ સરકારે સ્વૈચ્છિક રાજીનામું આપી દેવું જોઈએ એવું પણ આપ નેતા પ્રવીણ રામે જણાવ્યું

ન્યૂઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

# NOG સર્જક માતૃભાષા મહોત્સવ સપ્તાહ




**NOG SS NO.: 0101**
વિષય: માવતર કમાવતાર
શીર્ષક: ભવિષ્ય અંધકારમય
પ્રકાર: ગદ્ય શબ્દ: ૨૩૦.
લેખક : ભરત સાંગાણી

છોરું કછોરું થાય માવતર કમાવતર ન થાય એ કહેવત તો સાચી. પણ ક્યારેક ઊલટું વહેણ પણ જોવાં મળતું હોય છે. ભારતીય સમાજ પરંપરા આદર્શ હોવા છતાં તેમાં માનવીય મૂલ્યોનું ઊંડાણ નથી. માતા પિતા દ્વારા જે સંસ્કારનું સિંચન થવું જોઈએ તે પેઢી દર પેઢી થતું નથી. તથા ભારતીય સમાજની બીજી એક મુશ્કેલી ભણેલાં અભણ લોકોની પણ છે, જેઓ અંધશ્રદ્ધા અને સામાજિક ખોટી સમજણોના પુરુસ્કર્તા બને છે.
તેઓ સંતાનોના શિક્ષણ પાછળ જેટલું ધ્યાન આપે છે, પરિસ્થિતિ અનુસાર ખૂબ ખર્ચ પણ કરે છે, પોતાના સંતાનના ઉત્કર્ષની ભાવના સાથે જવાબદારીનું વહન પણ કરે છે પણ સાથે સાથે એની કેળવણી તરફ ઉદાસીન રહે છે. શિક્ષણ જોબ લક્ષી હોય છે, જ્યારે કેળવણી માનવીય મૂલ્યોને ઉજાગર કરે છે.
માતાપિતાની સંતાનોમાં, વ્યવહારમાં પ્રમાણિકતા, સત્ય બોલવું, નિર્ભયતા, પ્રેમ, દયા વગેરે ગુણોનું સિંચન જે રીતે કરવું જોઈએ તે રીતે કરવાની પોતાની જવાબદારી છે, ફરજ છે તે તરફ ધ્યાન નથી અપાતું.
તેને કારણે આજે જે સમાજ તૈયાર થઈ રહ્યો છે તેમાં વૈચારિક પરિપકવતા ઓછી છે, તે ગાડરિયા પ્રવાહની જેમ જિંદગીની મઝલ કાપે છે. તેમાં ધર્મ સભાનતાને બદલે ધર્મ ઉન્માદ ઉત્તાપન્ન થાય છે. તેઓનો મહત્તમ સમય ભૂતકાળમાં રાચવાને કારણે તેઓ વર્તમાનનો યોગ્ય આદર નથી કરી શકતાં, અને જે પેઢી વર્તમાનમાં ન જીવે, ત્યારે તેનું, તેના દેશનું ભાવિ-ભવિષ્ય સૂર્યાસ્ત પછી વ્યાપ્ત અંધકાર જેવું થાય છે, કરે છે. વર્તમાન ભવિષ્ય ઘડે છે.
માવતર જયારે આ દિશામાં સક્ષમતાથી, સમજદારીથી નહીં વિચારે તો તે આવનારી પેઢી અને દેશ માટે પણ કમાવતાર સાબિત થશે.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G S.S No. - 130**
વિષય - માવતર કમાવતર
શીર્ષક - માણસ પહેલા કે માવતર પહેલા?
પ્રકાર - ગદ્ય - શબ્દો - ૩૩૦
નામ - જાનકી સોની

છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય એ કહેવત આપણે સાંભળી છે અને દરેક વખતે એવું જ માનવામાં આવે છે તથા કહેવામાં આવે છે કે બાળકો ભલે પોતાની ફરજ ચૂકી જાય પરંતુ માતા -પિતાએ પોતાની ફરજ નિભાવવી જ પડે. જે માવતર પોતાના જીવનનો ભોગ આપીને બાળકોને મોટા કરે, ભણાવે અને પરણાવે એટલું બધું કર્યા પછી પણ માતા-પિતાને ઘરડાં-ઘરમાં રહેવાની ફરજ પડે તેમ છતાં પણ માતા-પિતાને માવતર કમાવતર ના થાય એ કારણોથી માતા-પિતાની ફરજ પૂરી કરવાનું કહેવામાં આવે અથવા એ એમની મરજીથી બધું ભૂલીને બાળકો માટે બધું કરી છૂટવા તૈયાર થાય એ કેટલા અંશે યોગ્ય છે ?

માતા-પિતા હોવું એટલે સમજવું અને સમજાવવું એ બંને ફરજ માતા-પિતાના પક્ષે આવે પરંતુ એનો એ મતલબ પણ નથી કે દરેક વખતે ખોટું સહન કર્યા કરવું અને બાળકો પાછળ પોતાનો ભોગ આપી દેવો.

ઘણાં માતા-પિતા જ્યાં સંતાનો પોતાની ફરજ ચૂકી જાય ત્યાં જો તેઓ કોઈ કાયદેસર કાર્યવાહી કરે તો સમાજની નજરમાં તેઓ બધા માટે ખરાબ બની જાય છે પરંતુ સમાજની નજરમાં સારા બનવા માટે ખોટું સહન કર્યા કરવું એ કેટલા અંશે યોગ્ય છે ?

ઘણાં માતા-પિતા પોતાના બાળકો સાથે સુમેળભર્યા સંબંધો બની રહે તે માટે રાજીખુશીથી સંતાનોને સામેથી જ અલગ રહેવા માટે વ્યવસ્થા કરી આપે છે અથવા તેઓ બીજે રહેવા ચાલ્યા જાય છે.

અહીં સવાલ એટલો જ છે કે માતા-પિતા તરીકે પોતાની બધી સંપત્તિ પોતાના સંતાનોને સોંપી દીધા પછી જો સંતાનો તે સંપત્તિનો ગેરલાભ ઉઠાવે અને માતા-પિતાને દરેક જગ્યાએ તેમના હકમાંથી બાકાત કરી દે તો આવા સંતાનો માટે લાગણી રાખીને બધું જતું કરી દેવું અથવા તેમને માફ કરી દેવા કેટલા અંશે યોગ્ય છે? આવા સંતાનો માટે કાયદાકીય કાર્યવાહી થવી જ જોઈએ.

માતા-પિતા હોવું એટલે આપણે પહેલા એક માણસ છીએ એ ભૂલી જવું યોગ્ય નથી. ફરજ અને અધિકારોને લાગણી સાથે જોડીને પોતાની જાતને છેતરવી અને સંતાનોથી દિલ દુભાયા કરે તો પણ ફરજના નામે તેને સહન કરવું એ યોગ્ય નથી.

જો માતા-પિતા સંતાનોએ ઉઠાવેલા તેમના ગેરલાભ માટે કોઈ પણ કાયદેસર કાર્યવાહી કરે તો ઘણા લોકોના અભિપ્રાય એવા થઈ જશે કે છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય પરંતુ ફલાણા લોકો તો માવતર થઈને પણ કમાવતર બની ગયા.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "માવતર કમાવતર"★
★શીર્ષક : "માવતર થવું"★
★શબ્દ સંખ્યા : ૩૫૦★
★લેખકનું નામ : રસિકભાઈ વ પરમાર "રવ"★

આપણે ત્યાં એક કહેવત છે કે: "છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય". આ કહેવત સંતતિ માટે તરફેણ કરતી અને માવતર માટે ભેદ કરતી છે. સંતાન માતાપિતા પ્રત્યે એની ફરજ ના નિભાવે તો તે ક્ષમ્ય છે. ચલાવી લઈ શકાય, પણ માવતર તો કમાવતર ના જ થઈ શકે. માવતર માટે એ બાબત ફરજિયાત જ છે કે એમણે ગમે તે પરિસ્થિતિમાં માવતર બની રહેવાનું છે. એમનાથી કમાવતર થઈ શકાય નહિ. સંતાનો પ્રત્યે એમણે ભોગ આપવો ફરજિયાત છે. ભલે પછી દીકરો કે દીકરી કપાતર હોય! નપાવટ હોય.

પેટ પર પાટા બાંધીને, ભૂખ્યાં રહીને, અઘરાં કષ્ટો સહન કરીને માબાપ બાળકોનો ઉછેર કરે છે, સારા સંસ્કાર આપે છે, છત્ર આપે છે, ભણાવે ગણાવે, સમાજમાં ઈજ્જત અને નામ આપે છે. એમને પરણાવે છે. ઘર બાંધી આપે છે. માલ મિલકત, જમા પુંજી આપે છે. આટલું આટલું કરવા છતાં સંતાન નપાવટ થાય, મોજમજા કરે, ખોટી સંગત કરે, વ્યસની બની જાય એમાં દોષ કોનો જોઈ શકાય? માબાપે તો એમનાથી થતું દરેક કર્યું હોય છે. આવી ફરજો નિભાવનાર માબાપ કમાવતર તો હોય શકે જ નહિ. માવતર માવતર થાય જ છે.

છતાં માબાપ પણ કમાવતર હોય છે. જે પોતાના સંતાનનું હિત જુએ નહિ અને એની પ્રગતિ, ઉન્નતિમાં બાધક બનતાં હોય તે માવતર કમાવતર જ છે. માબાપે સંતાનની પસંદ નાપસંદ ને પણ માન આપવું જોઈએ.

સંતાનો પાસે દારૂ, બીડી, સિગારેટ મંગાવનાર પિતા આડકતરી રીતે સંતાનને વ્યસનની ટેવ પાડે છે. પોતાના અંગત રાગદ્વેષ પોષવા જતાં આડોશ પાડોશ માં ઝઘડા કરવા, જા, દારૂ લઈ આવ, સારી છોકરી હોય અને સંમત હોય તો પણ પ્રેમ લગ્ન ના કર, નોકરી છોડી દે, પ્રમોશન છોડી દે, અભ્યાસ છોડી દે, અમોને હેરાન થઈને પણ મદદરૂપ થા, અભ્યાસમાં નબળા પરિણામમાં ધમકી કે શિક્ષા કરે, ચોરી ચપટી શીખવવી, લાગવગ લગાવવી, લાંચ લેવાનું કે આપવાનું કહેવું, સંતાન વ્યવહારૂ હોય છતાં આડખીલી નાખવી, લડાઈ, ઝગડા વ્યસનમાં પ્રોત્સાહન આપવું, બીજાની સામે ઉતારી પાડવા, સંતાનનાં પત્ની કે બાળકો સામે અપમાન કરવાં, બીજાં અન્ય ભાઈ બહેન મિત્ર દોસ્તદર સાથે તુલના કરવી. પુત્ર કે પુત્રીના ધંધા, રોજગાર વગેરેના સાહસમાં સહકાર ના આપવો વગેરે વગેરે લક્ષણ કમાવતર ઠરાવવા પુરતાં છે.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય : માવતર કમાવતર
શીર્ષક : 'માતા-પિતા સંતાનો માટે અવિરત લાગણીનો સ્ત્રોત'
પ્રકાર : ગદ્ય-લેખ શબ્દ: ૩૩૦
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

એક જાણીતી કહેવત 'છોરું કછોરું થાય પરંતુ માવતર કમાવતાર ન થાય' કંઈ એમ ને એમ તો નહીં પડી હોય. ઈતિહાસમાં અને આજે પણ આપણી આજુબાજુ એવા અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે જેમાં સંતાનોએ પોતાના માતા-પિતાને દગા ફટકાથી છેતર્યા હોય અથવા તરછોડયા હોય. ભાગ્યે જ કોઈ માતા કે પિતાનું ઉદાહરણ એવું જોવા મળશે કે જેણે પોતાના સંતાનો સાથે છેતરપિંડી અથવા ઉતરતો વ્યવહાર કર્યો હોય કે અકારણે તરછોડ્યા હોય.

આનું મુખ્ય કારણ એ હોઈ શકે કે માતા-પિતાને હૃદયમાં પોતાના સંતાન માટે અવિરત લાગણીનો પ્રવાહ વહેતો હોય છે. સંતાનના લાખ અવગુણ હોવા છતાં તેના વિશે હંમેશા શુભ જ
આભાર - નિહારીકા રવિયા વિચારતાં હોય છે. સંતાનો અવારનવાર ભૂલ કરતાં હોય છે છતાં તેમના પ્રત્યે તેમનાં પ્રેમ અને લાગણી ક્યારેય અંશભર પણ ઓછાં થતા નથી. પોતાના પેટે પાટા બાંધીને સંતાનોનો ઉછેર કરે છે. સંતાનની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા કોશિશ કરે છે. આવામાં માતા-પિતાની સંતાનો પ્રત્યેની અપેક્ષાઓ આપોઆપ જોડાઈ જાય છે.

બીજી તરફ સંતાનો જેમ જેમ મોટા થાય તેમ તેમ તેમના વિચાર અને વર્તનમાં અંગત સ્વાર્થ જાણે અજાણે ઉમેરાતો જાય છે. સમય, સંજોગો અને પરિસ્થિતિઓ આમાં વિશેષ રૂપે ભાગ ભજવે છે. સંતાન પુખ્ત થતાં જ માતા-પિતાને પોતાની જવાબદારીની જગ્યાએ બોજારૂપ માનવા લાગે છે. સ્વતંત્રતાની ઝંખનામાં માતા-પિતાનું અસ્તિત્વ પોતાના જીવનમાં ડંખવા લાગે છે, ત્યારે માતા-પિતાને તરછોડીને તેમનાથી દૂર થઈ જાય અથવા માતા-પિતાને પોતાનાથી દૂર વૃદ્ધાશ્રમ જેવી જગ્યાએ એકલા રહેવા માટે મજબુર કરે છે.

ગમે તે હોય પરંતુ માતા-પિતા પોતાના સંતાનો પ્રત્યે આવો સંકુચિત દ્રષ્ટિકોણ ક્યારેય અપનાવી શકતા નથી. મોગલ ઈતિહાસમાં પણ સંતાનોએ પોતાના માતા-પિતાને પોતાના અંગત સ્વાર્થ માટે અને રાજ્ય માટે પોતાના માતા-પિતાને કેદ કર્યાના ઉદાહરણ છે. આજના યુગમાં સંતાનોએ પોતાના પિતાનો વેપાર અને સંપત્તિ હડપ કર્યાના દાખલા સાંભળવા મળે છે. આ બધી પરિસ્થિતિઓમાં સંતાનો માતા-પિતા પ્રત્યેની પોતાની લાગણી અને ફરજોની ઉપરવટ જઈને પોતાના અંગત સ્વાર્થને પ્રાધાન્ય આપતાં જોવા મળે છે. આમ મોટાભાગના કિસ્સાઓમાં છોરું કછોરું થાય પરંતુ માવતર ક્યારેય કમાવતર થતું નથી.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SD NO: 202**
વિષય: માવતર કમાવતર
શીર્ષક: "માવતર"
પ્રકાર: પદ્ય
શબ્દ:૪૯
લેખકનું નામ:ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ)

"માવતર"
ભલે છોરું કછોરું થાય,
તોય માવતર કમાવતર થતાં નથી.

બાળક ભલે ભૂલો કરે,
તોય માં-બાપ બધું ભૂલાવી દે છે.

બાળક કંઈક ખોટું કરે,
તો માવતર એ સુધારી લે છે.

નિરાશ થતું બાળક ત્યારે,
માવતર તેનાં પડખે રહે છે.

ન ચૂકવી શકાય ઋણ જેનું,
તો તે છે આપણા માં-બાપ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષય:- માવતર કમાવતર
વિષય:- ગદ્ય
શીર્ષક:- વાડ ચીભડાં ગળે!
લેખિકા નામ:- ડૉ. મનીષા વ્યાસ

અનસુયા શેઠાણી લગ્નનાં એકવીસ વર્ષથી પોતાના ઘરે શેર માટેની ખોટ પુરવા દવા, દુવા અને બાધાઆખડી કરી ચૂક્યાં હતાં. પોતાની આલીશાન મહેલ જેવી સુંદર સૂમસામ હવેલીના ઝરૂખામાંથી શોરબકોરથી ધમધમતી અને ખીચોખીચ વસ્તીવાળી ઝુંપડપટ્ટીને કલાકો જોઈ રહેતાં. ત્યાં રમતાં અનેક નાનાં-મોટાં અર્ધનગ્ન બાળકોને જોઈને તે પોતાની સૂની કુખ પર હાથ ફેરવી મનોમન સ્વગત બડબડતાં, "હે પ્રભુ! તારા ઘરે સાવ અંધેર જ છે.. હું તો બાળક માટે તરફડું છું અને અહીં તે કેવી મહેર કરી મૂકી છે.. આ બે ટંકના ફાંફાં વાળાં રાંકનાં ઘર તેં રત્નોથી ભર્યા છે.. આ સુમી કેવી સરસ રૂપાળી છે.. એનાથી મોટી સાતેય બહેનો એકએક થી ચડિયાતી છે.. હજુય આ સુમલીની માને છોકરાની આશામાં આજકાલ નવમો અધવાર્યો લાગે છે. નિસાસો નાંખતાં .. "આમને આટ આટલો વસ્તાર ને પ્રભુ મને એકેય નહીં."
એકવાર સુમીની મા પાસેથી એકાદ છોડી માંગીનેય જોઈ.. પણ જોઈતીએ કેવું હળહળતું સંભળાવ્યું હતું કે "ના બાપા અમે પેટે પાટા બાંધીશું પણ.. શેઠાણીબા, ઈમ ચ્યમની દઈ દઉં હે.."
સુમીનો બાપ કોઈની સાથે કાંઈક શંકાસ્પદ રીતે "આજે રાત્રે પાક્કું હોં" એવું કહેતાં સાંભળીને શેઠાણીએ સ્વસ્થ થતાં, સુમી.. ઓ સુમી.. તારી મા ક્યાં છે? ત્યારે ચાર વર્ષની સુમીએ ઊંચે જોઈને, "શેઠાણીબા, એ તો રાડો પાડતી ખાટલામાં સૂતી સે.. એને પેટમાં બહુ દુખે સે ને એટલે બાપુએ મારી બધી બુનોને બહાર મોકલી સે."
શેઠાણીએ મોડી રાત્રે એ ઝુંપડીમાં શું નવાજૂની થશે એ જોવાનું મનમનાવી ત્યાં આડશ કરવા સાડી સુકવી ગતિવિધિ પર નજર રાખતાં બેઠાં.
રાત્રિના બે વાગ્યા આસપાસ ઝૂંપટપટ્ટી નિરવ થઈ સૂઈ ચૂકી.. ત્યારે સુમીના ઘરમાંથી તાજાં જન્મેલા બાળકનો રડવાનો અવાજ સાંભળી શેઠાણી મનમાં બબડ્યાં.. "ભગવાન આજે આ નવમું પણ આપી દીધું ને!"
ત્યાં તો કોઈ પુરુષ નવજાતને લઈને બહાર આવ્યો.
"જોજે, પાછો કોઈ જોઈ ના જાય, એને આઘે જંગલમાં એકદમ અવાવરું જગ્યાએ જ છોડજે.. કોઈ જંગલી જનાવર ખાઈ લ્યે તો ભવ પાર ઉતરી જાય.. ઈની મા રાંડે, નવમી જણી.. કુખજ ચેવી નમાલી.. આલી ફેર તો, જોઈતી એ જ કીદીધું.. ક.. "જો છોડી આવ.. તો હું ભોનમાં આવું ઈ પેલાં જ બધું પતાવાજો.. મુઈનું મોઢું જોઈન મોહમાં નહિ પડવું.."
શેઠાણીને આ સાંભળીને તમ્મર આવી ગયા. "આ નરાધમ બાપ છે કે શેતાન! લ્યો આ તો વાડ જ ચીભડાં ગળે એમ જ થયું ને!"
સ્વસ્થ થતાં શેઠાણી હવેલીની નીચે ઉતર્યા. આંચળો ઓઢ્યો. દોડીને જતા જણનો બરોબર પીછો પકડ્યો. ઈશ્વરે દીધેલી આ તકને જીવતે જીવ નહીં ચુકુ. સ્વગતઃ "જોઈતી, આ તારી નવમી.. મારી વહાલી દિકરી દુર્ગા બની મારી હવેલી અજવાળશે. તમારું કમાવતર થવાનું દુર્ભાગ્ય અમારું સદભાગ્ય બનશે. જનનની ભાષા આપણી

## "NOG માતૃભાષા સર્જક મહોત્સવ સપ્તાહ"૨૧ ફેબ્રુ થી ૨૬ ફેબ્રુવારી.૨૪"

**NOG SS NO :166**
વિષય:- " ૨૧ ફેબ્રુઆરી-ર્દ્ઘ્ય માતૃભાષા મહોત્સવ"
શિર્ષક :- "મધુર ભાષા ગુજરાતી"
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૮૬
નામ:- ધનજીભાઈ ગઢીયા " મુરલી"

અતિ સુંદર ભાષા લાગે છે ગુજરાતી,
બોલવામાં સરળ લાગે છે ગુજરાતી,
સાંભળવી સુંદર લાગે છે ગુજરાતી,
એવી અમારી માતૃભાષા છે ગુજરાતી.

શિખવામાં સરળ છે ભાષા ગુજરાતી,
લખવામાં સહેલી છે ભાષા ગુજરાતી,
મીઠી અને મધુરી છે ભાષા ગુજરાતી,
અવી અમારી માતૃભાષા છે ગુજરાતી.

સ્નેહની સરવાણી છે ભાષા ગુજરાતી,
પ્રેમની સરિતા જેવી છે ભાષા ગુજરાતી,
હૃદયમાં વસે તેવી છે ભાષા ગુજરાતી,
અવી અમારી માતૃભાષા છે ગુજરાતી.

ગૌરવ અપાવે તેવી છે ભાષા ગુજરાતી,
દેશની શાન વધારે છે ભાષા ગુજરાતી,
ખમીરવંતી ભાષા છે ગુજરાતી "મુરલી",
એવી અમારી માતૃભાષા છે ગુજરાતી.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.: 0101**
★વિષય:૨૧ ફેબ્રુઆરી, ર્દ્ઘ્ય માતૃભાષા મહોત્સવ★
★પ્રકાર: પદ્ય.★ ★શબ્દો: ૬૪★
★શીર્ષક:-★ ★કાગળ લખું.★
★રચના : ભરત સાંગાણી★

ચાલ આજે એક કાગળ માતૃભાષાને લખું,
વેદનાઓની આપણી વાડ ઓળંગીને લખું.

ચાલ નર્મદને કહું જેણે જાણી તારી ભાવનાઓ,
જે ઉભરે દિલમાં તે સાવ જ નીતરીને લખું.

માતૃભાષામાં તો દિલની વ્યથા કહું છું,
આંખની અટારીથી આંસુને છેતરીને લખું.

તને માણ્યાનું સુખ હોઈ કે છોડયાનો રંજ,
મારામાં નીતરી લાગણી અક્ષરોમાં નોંતરીને લખું.

પરભાષામાં સંવાદ દિલે ક્યાં સુધી જળવાય,
વર્ષો પછી ફરી ટેરવે તારો સ્પર્શ ખોતરીને લખું.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :227**
વિષય: માતૃભાષા મહોત્સવ
શીર્ષક:મારી માતૃભાષા
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા:૭૦

મને વહાલી મારી માતૃભાષા છે.
સાથ મારી રહેતી મારી માતૃભાષા છે.
હૃદયા માં રમતી ને હૈયા હસાવતી,
સપના સજાવતી મારી માતૃભાષા છે.
બાળપણે બોલાતી ને લાડ લડાવતી,
વાતોમાં વણાતી મારી માતૃભાષા છે.
માતાના ધાવણથી પિતા પ્રેમે પળાતી,
કુટુંબ કડી જોડતી મારી માતૃભાષા છે.
વિચારોમાં વર્તાતી ને કાનોમાં કહાતી,
સમાજે સાચવેલી મારી માતૃભાષા છે.
નર્મદે નિચોડી ને મેઘાણીએ મ્હાલી,
દુહા - છંદો માં રમતી મારી માતૃભાષા છે.
મીરાંબાઈ ના ભજનો ને અખા છપ્પામાં છપાતી,
આખ્યાનપિતા ભાલણમાં ભમતી મારી માતૃભાષા છે.
વિશ્વે વખાણીને યુનેસ્કોએ યાદ કરાવી,
ફેબ્રુઆરી ૨૧ ને માતૃભાષા મનાવી.

સેજલ પટેલ (સેજસ્મી)
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.167***
★વિષય:-માતૃભાષા મહોત્સવ"★
★શિર્ષક;-હું અને મારી ભાષા... ગુજરાતી★
★પ્રકાર:- ગદ્ય - શબ્દ:-૨૧૬★
★નામ:- નરેન્દ્ર ત્રિવેદી★

માતૃ એટલે મા અને ભાષા એટલે લેખિત અને મૌખિલ અભિવ્યક્તિ માટેનું માધ્યમ. જેમ ઘરમાં મા એ સર્વ પ્રકારનું માધ્યમ છે. તેંની પાસે લાગણી અને માગણી બને વ્યક્ત કરી શકીએ છીએ. માતૃભાષા એટલે મમત્વ ભરેલી ભાષા કે જેના દ્વારા વ્યક્તિ દરેક પ્રકારના ભાવો વ્યક્ત કરી શકે છે. લાગણી, દુઃખ, સુખ કે માગણી માટેનું માધ્યમ તો કોઈપણ ભાષા જ હોય છે. વ્યક્તિ પોતાના વિચારો જેટલી સરળતાથી પોતાની...માતૃભાષા ભાષામાં વ્યક્ત કરી શકે છે એ બીજી ભાષાના માધ્યમથી નથી કરી શકતો.

વ્યક્તિને પ્રથમ વિચાર પોતાની ભાષામાં જ આવે છે. આ વાત આપણે દરેકે અનુભવી છે કે જ્યારે આપણે આપણી વાત બીજી ભાષાના માધ્યમ વડે વ્યક્ત કરવા જઈએ છીએ ત્યારે વિચાર તો માતૃભાષામાં જ આવે છે. પછી એ ગુજરાતી હોય, હિન્દી હોય કે અંગ્રેજી હોય. ભાષા જેટલી સશક્ત તેટલી તેની સંસ્કૃતિ અને સામાજિક સ્થાન સશક્ત હોય છે. જે સંસ્કૃતિની ભાષા લુપ્ત થઈ ગઈ એ સંસ્કૃતિનો જ નાશ થઈ ગયો છે. આપણે જોઈએ છીએ કે જે દેશના લોકો તેની માતૃભાષાને માન સન્માન આપે છે એ દુનિયાની સશક્ત ભાષા બની ગઈ છે. દાખલા તરીકે અંગ્રજી, રશિયન, જાપાનીઝ અને ચાઈનીઝ કારણ કે આ દેશના લોકો ગમે ત્યાં જાય પોતાની ભાષામાંજ વાત કરે છે. અત્યારે તો દુભાષીયા અને લેન્ગવેજ ટ્રાન્સલેટર સોફ્ટવેર આવી ગયા પણ જ્યારે આવી સુવિધા નહોતી ત્યારે પણ આ દેશના લોકો પોતાની ભાષામાં જ વાતચીત કરતા હતા. ભાષા છે એ પોતાની અને દેશની, પ્રદેશની ઓળખ છે.

આપણે ત્યાં કહેવત છે કે બાર ગાઉ એ બોલી બદલાય. આ બોલી, ભાષા જ જે તે પ્રદેશની ઓળખ બની જાય છે. મારા મતે દરેક વ્યક્તિને પોતાની માતૃભાષાનું અભિમાન અને દિલમાં માન સન્માન હોવું જોઈએ. જો, તમેજ તેને પોતાની ભાષા તરીકે નહીં સ્વીકારો તો પછી તેને બીજા કેમ સ્વીકારે કે માન સન્માન આપે. દરેક ગુજરાતીને પોતાની ગુજરાતી ભાષા માટે માન સન્માન અને તેને ટકાવી રાખવાનું ઝુનૂન હોવું જોઈએ. જો આ વાતને એક ગુજરાતી થઈને આપણે અત્યારે અવગણીશું તો સમયાંતરે બીજી ભાષાની જેમ આપણી માતૃભાષા પણ લુપ્ત થવાના આરે પહોંચી જશે.

આપણે બીજાની માતાઓને આદર આપીએ છીએ પણ આપણી જનેતા જેટલો તો નહીજ. તો પછી આજે આપણી જનેતા જેવી ભાષાને અવગણીને બીજી માતા જેવી ભાષાઓને વધુ પડતો આદર શું કામ આપીએ છીએ? આ વાત આપણે સૌ એ વિચારવા જેવી અને સમજવા જેવી છે.

૨૧ ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય ભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ચાલો આપણે એ દિવસે 'પણ' લઈએ કે મારી માતૃભાષા... ગુજરાતીને સશક્ત બનાવવા માટે હું મારું પૂરતું યોગદાન આપીશ. દુનિયાના દરેક છેડે ગુજરાતી ભાષાને ગાજતી. ગુંજતી કરીશ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 209**
વિષય: માતૃભાષા મહોત્સવ
શિર્ષક : માનું સન્માન
પ્રકાર; પદ્ય
શબ્દો: ૧૨૭
લેખિકા: સુધા પુરોહિત

મા એ મા, બીજા વગડાનાં વા છે વાત સાચી
માતૃભાષા છે મારી મા,સ્થાન જીવનમાં પહેલુ
રાખવી આમન્યા, શીખું ભાષા અન્ય બીજી
ભાષા બીજી છે માસી, માતૃભાષા છે માં મારી

હૈયાની વાત સમજે મા મારી,ન સમજે વાત માસી
કરૂં વાત માતૃભાષામાં,સંતોષાય લાગણી મારી
જન્મતાંની સાથે જ,માતૃભાષાનાં પ્રેમ પિયુષ પીધા
જે થકી પોષણ થયું,મસ્તક ઉન્નત બન્યું મા થકી

માતૃપ્રેમી વાત માતૃભાષામાં કરે,સન્માન માનું સાંચવે
ભૂલશો માતૃભાષા,ખોશો સંસ્કૃતિ,ખોશો ખોળો માનો
ખોળો માનો ખોયો,ખોશો પ્રેમ,મા નો પ્રેમ જ છે સાચો
આદર માતૃભાષાનો જાળવો,માતૃભૂમીની છે એ શાન

મારી માતૃભાષા છે ગુજરાતી,મને ગુજરાતી બોલી ગમે
લાગણીઓ બંને જીવંત,,માના ખોળે રમવું મને ગમે
માતૃભાષાને સાચવીને,મસ્તક માનું ગર્વિષ્ટ કરવું ગમે
'સુધા'ન ભૂલે માતૃભાષા, ઋણ માનું સદાય. ચૂકવે
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય: માતૃભાષા મહોત્સવ
પ્રકાર: પદ્ય
શીર્ષક: મારી ભાષા ગુજરાતી.
શબ્દ સંખ્યા:૮૨

મને લાગે વ્હાલી વ્હાલી,
મને લાગે પ્યારી પ્યારી,
મને લાગે ખૂબ મજાની,
મારી ભાષા ગુજરાતી.!

બચપણમાં કક્કો ઘુંટી તોડી પાટી,
માતૃભાષાના જ્ઞાનને પીજો વાટી વાટી.
બોલતા ગજ ગજ ફુલે છાતી,
મારી ભાષા ગુજરાતી.!

બોલવામાં સહજ લાગતી,
શીખવામાં સરળ લાગતી,
સાંભળવામાં સુંદર લાગતી,
મારી ભાષા ગુજરાતી.!

બોલતાં કર્યા જન્મથી,
જનનની ભાષા આપણી,
રડાવતી વળી હસાવતી,
મારી ભાષા ગુજરાતી.!

હૃદયમાં રમતી સપના સજાવતી,
ગૌરવશાળી હૃદયમાં વસતી,
દુહા છંદ કવિતા
આભાર - નિહારીકા રવિયા ભજનોમાં છપાતી,
મારી ભાષા ગુજરાતી.!

'પ્રેમ'ની પરિભાષા,
સ્નેહની સરવાણી,
ભાષા છે મીઠીને મધુરી,
મારી ભાષા ગુજરાતી.!
પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

# સરકારની ડુંગળી પકવતા ખેડૂતો માટેની નિકાસની જાહેરાત ગેરમાર્ગે દોરનારી અને લોલીપોપ સમાન



● ૨૩૦ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન છે ત્યારે માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ આપવાથી ખેડૂતોને કોઈ જ ફાયદો થવાનો નથી.

● માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળી નિકાસની છૂટ આપીને આવનાર ચૂંટણી સમયે જાણે ખેડૂતોનું કલ્યાણ કરી દીધું હોય તેવી વાહવાહી કરે છે તે શરમજનક.

● ઓગસ્ટ-૨૦૨૩માં જ ૪૦% એક્સપોર્ટ ડ્યુટી નાંખી હતી અને ડિસેમ્બર-૨૦૨૩થી સંપૂર્ણ નિકાસબંધી કરી હતી, જેથી ડુંગળી પકવતો ખેડૂત પાયમાલ થયો છે.

● ડુંગળી પકવતા ખેડૂતોએ ઓગસ્ટ-૨૦૨૩થી અત્યાર સુધી ડુંગળી વેચી દીધી છે તેને નુકસાની વળતર સરકાર તાત્કાલિક ચૂકવે.

● ડુંગળીની નિકાસ પર ૪૦% એક્સપોર્ટ ડ્યુટી તરીકે જે રકમ સરકારે વસુલી છે તે પૂરેપૂરી રકમ સરકાર ખેડૂતોને ચૂકવે.

ભાજપ સરકારે ડુંગળીની નિકાસબંધી હટાવી નથી પરંતુ ચૂંટણીના સમયે ખેડૂતોને ગેરમાર્ગે દોરીને માત્ર લોલીપોપ આપવાનો જ પ્રયત્ન કર્યો છે ત્યારે ભાજપની ખેડૂત વિરોધી નીતિ પર આકરા પ્રહાર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતના અને દેશના ડુંગળી પકવતા ખેડૂતોને ભાજપે નિકાસબંધી કરીને ખૂબ મોટો અન્યાય કર્યા બાદ હવે જ્યારે ખેડૂતોનો રોષ ભભૂકી ઉઠ્યો છે અને સામે ચૂંટણી દેખાય છે ત્યારે માત્ર ૩ લાખ મેટ્રિક ટન નિકાસની છૂટ આપીને એવો પ્રચાર શરૂ કર્યો છે કે જાણે ખેડૂતો ઉપર કોઈ મોટી મહેરબાની કરી દીધી હોય અને ખેડૂતોને મોટો લાભ થઈ જવાનો હોય. હકીકતમાં દેશમાં ડુંગળીનું ઉત્પાદન ૨૩૦ લાખ ટનથી પણ વધારે છે અને દુનિયાના સૌથી વધારે ડુંગળી પકવતા દેશોમાં આપણો દેશ બીજા ક્રમે આવેલો છે. સૌથી વધુ ડુંગળી પકવતા દેશોમાં પ્રથમ ક્રમે ચીનનું સ્થાન છે અને બીજા ક્રમે ભારતનું સ્થાન છે, તેવા સંજોગોમાં ખેડૂતોને માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ આપ્યા બાદ ગુમરાહ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસથી આપણા દેશના ખેડૂતોને કોઈ જ ફાયદો થવાનો નથી. ડુંગળી પકવતા ખેડૂતોને આ વર્ષે થોડો ફાયદો થાય તેવી આશા બંધાઈ હતી અને દુનિયાના બજારને નજરમાં રાખતા સ્પષ્ટ જણાતું હતું કે આ વખતે ડુંગળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે અને લાભ થઈ શકશે, પરંતુ ખેડૂત વિરોધી ભાજપ સરકારે ઓગસ્ટ-૨૦૨૩માં જ ડુંગળીની જે નિકાસ થતી હતી તેના પર ૪૦% એક્સપોર્ટ ડ્યુટી (નિકાસ કર) નાંખી દીધો હતો, જેના કારણે નિકાસ ઉપર વિપરીત અસર થઈ અને ખેડૂતોને જે ભાવ મળવા જોઈતા હતા તે મળતા બંધ થયા હતા. ત્યારબાદ ડિસેમ્બર-૨૦૨૩થી ડુંગળીની સંપૂર્ણ નિકાસબંધી કરી દેવાતા ખેડૂતોની હાલત અત્યંત કફોડી થઈ છે. ડુંગળી ખેડૂત સંગ્રહી ન શકે અને સંગ્રહ કરે તો એ પેરીશેબલ ગુડ્સ (નાશ પામે તેવી સામગ્રી) હોવાના કારણે તેમજ ખેડૂત પાસે માલ સંગ્રહ કરવા આર્થિક ક્ષમતા ન હોય તેમજ કોલ્ડ સ્ટોરેજની સુવિધા ન હોય ફરજિયાત ડુંગળી વેચવી જ પડી છે. દેશના ખેડૂતોને નિકાસબંધીના કારણે ખૂબ જ આર્થિક નુકસાની ભોગવી પડી અને ખેતરમાંથી ડુંગળી માર્કેટિંગ યાર્ડ સુધી લઈ જાય અને જે ખર્ચ લાગે તેટલો ખર્ચ પણ વેચાણથી ન મળે તેવી દયનીય પરિસ્થિતિ ઊભી થઈ તેના માટે માત્રને માત્ર ભાજપ સરકાર જ જવાબદાર છે. અનેક ખેડૂતો રોડ પર ઉતર્યા અને ડુંગળીને રોડ પર ફેંકી દેવાની ઘટના બની હતી, આવા સંજોગોમાં માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ હવે આપવાથી ખેડૂતોને કોઈ જ ફાયદો થવાનો નથી કે ખેડૂતોનું કોઈ કલ્યાણ થવાનું નથી.ડુંગળી પકવતા ખેડૂતોને ન્યાય મળે તે માટે સરકાર પાસે માંગણી કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, (૧) તાત્કાલિક અસરથી ડુંગળીની નિકાસબંધી હટાવી લેવામાં આવે. (૨) જે ખેડૂતોએ ઓગસ્ટ-૨૦૨૩થી અત્યાર સુધીમાં ડુંગળી વેચી છે અને સરકારની નીતિના કારણે તેમને જે નુકસાન ગયું છે તેના વળતર સ્વરૂપે તાત્કાલિક પૂરતી સહાય ચૂકવવામાં આવે. (૩) મોટાભાગના ખેડૂતોને ડુંગળીના વેચાણના કારણે જે પાયમાલીની પરિસ્થિતિ પેદા થઈ છે તેમાં રાહત આપવામાં આવે. (૪) જે નિકાસબંધી પર ૪૦% એક્સપોર્ટ ડ્યુટી (નિકાસ કર) નાંખવામાં આવેલ તેના કરસ્વરૂપે જે પણ રૂપિયા આવ્યા છે તે ડુંગળી પકવતા ખેડૂતોને સરકારે તાત્કાલિક આપી દેવા જોઈએ. ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે પાકિસ્તાન અને ચીનના ડુંગળી પકવતા ખેડૂતો માલામાલ થયા છે અને ભારતનો ડુંગળી પકવતો ખેડૂત પાયમાલ થયો છે. જેમ ઘોડા નીકળી ગયા પછી તબેલાને તાળા મારવા દોડે તેમ કરોડો રૂપિયાનું નુકસાન ખેડૂતોએ વેઠ્યા બાદ હવે માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ આપીને સરકાર જે વાહવાહી કરવા નીકળી છે



ગાંધીનગર ચારણ ગઢવી સમાજ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યુંછે.અને અમારા ચારણ ગઢવી સમાજ ના પૂજનીય માતાજી વિરુદ્ધ તથા ગઢવી સમાજ વિશે ટિપ્પણી કરનારન ગીગા ભમ્મર ને કડકમાં કડક સજા થાય તેવી સરકાર શ્રીને માંગણી કરવામાં આવી છે.

# ચેક રિટર્ન કેસમાં મહેસાણા ટ્રાયલ કોર્ટની સજા માન્ય રાખી આરોપીની સજા યથાવત રાખતી સેશન્સ કોર્ટ મહેસાણા

ચાણસ્મા તાલુકાના કંબોઈ ગામના વતની અને હાલ મહેસાણા ખાતે રહેતા જોષી કીર્તિ કુમાર માધવલાલ અને ચંદ્રુમાણા ગામના નિવૃત્ત તલાટી મહેન્દ્રભાઈ માણેકલાલ દવે સાથે ભાગીદારીમાં હારીજ ખાતે આકાશ ટ્રેડર્સ નામનો પેઢીનો વ્યવસાય શરૂ કર્યો હતો જેમાં પેઢી રાબેતા મુજબ ચાલ્યા બાદ આરોપી દ્વારા ફરિયાદી સાથે વ્યવહારમાં ગોલમાલ કરતા ફરિયાદીને વિશ્વાસ ઉઠી જતા ફરિયાદી દ્વારા પેઢીમાંથી ભાગ છૂટો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો ત્યારે જે બાબતે ફરિયાદીને આરોપી પાસેથી રૂપિયા બાર લાખ લેવાના નીકળતા હોય ફરિયાદીને આરોપી તરફથી છ - છ લાખ રૂપિયાના બે ચેકો આપવામાં આવ્યા હતા જેમાંથી એક છ લાખનો ચેક બેંકમાં જમા કરાવતા ચેક રિટર્ન થયો હતો તેથી ફરિયાદી દ્વારા ફરિયાદ નોંધાવતા જે કેસ મહેસાણા ટ્રાય કોર્ટમાં ચાલી જતા મહેસાણા ટ્રાયલ કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તેમજ બાર લાખ રૂપિયા ચૂકવવાનો હુકમ કર્યો હતો જે ચુકાદો આરોપીને માન્ય ન હોવાથી આરોપી દ્વારા મહેસાણા સેશન્સ કોર્ટમાં અપીલ કરાતા સેશન્સ કોર્ટ દ્વારા નીચલી કોર્ટનો હુકમ માન્ય રાખી આરોપીની સજા યથાવત રાખવાનો હુકમ કર્યો હતો

આ કેસની વિગત એવી છે કે ચાણસ્મા તાલુકાના કંબોઈ વતની અને હાલ મહેસાણા ખાતે રહેતા કીર્તિ કુમાર માધવલાલ દ્વારા પાટણ તાલુકાના ચંદ્રુમાણા ગામના નિવૃત તલાટી મહેન્દ્રભાઈ માણેકલાલ દવે સાથે હારીજ ગંજ બજાર ની અંદર થોડા સમય પહેલા આકાશ ટ્રેડર્સ નામની પેઢીનો વ્યવસાય ચાલુ કર્યો હતો જે પેઢી રાબેતા મુજબ ચાલતી હતી ત્યારે સમય જતા પેઢીના વહીવટદાર નિવૃત તલાટી મહેન્દ્રભાઈ દ્વારા ફરિયાદી ભાગીદાર સાથે વિશ્વાસઘાત કરી ગોલમાલ કરતા ફરિયાદીને વિશ્વાસ ઉઠી જતા તેઓ દ્વારા પેઢીમાંથી ભાગ છૂટો કરવાનો નિર્ણય કર્યો હતો જેમાં પોતાના ભાગે નીકળતા રૂપિયા બાર લાખ લેવાના નીકળતા આરોપી દ્વારા ફરિયાદીને એચડીએફસી બેન્ક પાટણ શાખાના છ-છ લાખ રૂપિયાના બે ચેકો આપવામાં આવ્યા હતા જેમાંથી ફરિયાદી દ્વારા એક છ લાખ રૂપિયાનો ચેક બેંકમાં જમા કરાવતા ચેક રિટર્ન થવા પામ્યો હતો તેથી ફરિયાદી કિર્તીભાઈ જોશી દ્વારા ધી ને ઈ એક્ટ ની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ નોંધાવી હતી જે અંગેનો કેસ મહેસાણા ટ્રાયલ કોર્ટમાં ચાલી જતા મહેસાણા ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપી મહેન્દ્રભાઈને એક વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા બાર લાખ ચૂકવવાનો આદેશ કર્યો હતો જે ચુકાદો આરોપીને માન્ય ન હોવાથી આરોપી દ્વારા મહેસાણા સેન્શનસ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી ત્યારે મહેસાણા સેશન્સ કોર્ટમાં અપીલ ચાલી જતા સેશન્સ કોર્ટ દ્વારા નીચલી કોર્ટનો હુકમ માન્ય રાખવામાં આવ્યો હતો અને આરોપીને કસ્ટડી લેવાનો હુકમ જ્યારે કર્યો હતો તેમજ રૂપિયા બાર લાખ ફરિયાદીને ચૂકવવાનો હુકમ કર્યો હતો

**નિખિલ જોશી : પાટણ જિલ્લા બ્યુરોચીફ**



દીનાક- ૨૦ ફેબ્રુ.૨૦૨૪ ના રોજ આગામી માર્ચ-૨૦૨૪ ના રોજ ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ , ગાંધીનગર દ્વારા યોજાનાર પરીક્ષા સંદર્ભે આયોજન બેઠક ભાવનગર જિલ્લાના કલેક્ટરશ્રી આર.કે.મહેતા સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાઈ.જેમાં પોલીસવડાના પ્રતિનિધિ , જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા , પી.જી.વી.સી.એલના અધિકારીશ્રીઓ , ગુજરાત એસ.ટી.નિગમના અધિકારીઓ , આરોગ્ય વિભાગના અધિકારીઓ , એવોર્ડ્સ પ્રાપ્ત કરેલ શિક્ષકો , જિલ્લા શિક્ષણાધિકારી કચેરી , ભાવનગરના ઇ.આઈશ્રી સાગરભાઈ અને એ.ડી.આઈશ્રીઓ, ઝોનલ અધિકારીઓ , સંચાલક મંડળના હોદ્દેદારો તેમજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ભાવનગરના જિલ્લા/ નગરના તમામ માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ અને મંત્રીઓ , વિવિધ સંગઠનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ.જેમાં માનનિય કલેક્ટરશ્રીએ તમામ વિભાગને પરીક્ષા સંદર્ભે સૂચના આપેલ.જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કેન્દ્રો , સંચાલકો અને વિદ્યાર્થીઓ અંગેની માહિતી રજૂ કરેલ.

## ‘નલ સે જલ’ યોજનામાં નળમાંથી પાણીને બદલે પૈસા એકત્ર કરાયા.

# ‘નલ સે જલ’ યોજનામાં નળમાં પાણીના ધોધને બદલે ભ્રષ્ટાચારનાં નાણાનો ધોધ ભેગો કરાયો

નલ સે જલ ના કરોડો રૂપિયાના કૌભાંડની તપાસ માટે જેૈં ની રચના કરી, ૯૦ દિવસ માં કસુરવાર લોકો સામે પગલાં ભરવા માં આવે. પાણી પુરવઠા મંત્રી જવાબદારી સ્વીકારી ને રાજીનામુ આપે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નલ સે જલ યોજના અનેક જીલ્લા-તાલુકા-ગામોમાં માત્ર કાગળ પર કામગીરી થઈ છે. ૩૩ જિલ્લામાંથી ૧૮ થી વધુ જિલ્લામાં ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો છતાં વાસ્મો અને પાણી પુરવઠા વિભાગ તપાસના નામે પત્ર-નોટીસ આપી કેન્દ્રાક્ટરને બચાવી રહ્યું છે. કેન્દ્ર સરકાર ની ‘નળ સે જળ’ ની મોટી મોટી જાહેરાતો થઇ, નબળી પાઈપો, બોરવેલ ફેલ, નબળી ગુણવત્તાના પેવરબ્લોક, ઈલેક્ટ્રીક કેબલમાં પણ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો. કનેક્શન વગર ના પાઈપો ફિટ કર્યા અને ક્યાંક ચોકડી ના બનાવી, ક્યાંક પાણી ટાંકાના બનાવ્યા અને નળ ના જોડાણ ના અપાયા, હલકી ગુણવત્તાની પાઈપો, અનેક જગ્યાએ સીમેન્ટ ચોકડી ના બનાવી, ચકલી લગાવી તો પાણી ના આવ્યું, એક જ કામના બબ્બે બીલો ઉભા કર્યા, આવા પ્રકારના ભ્રષ્ટાચાર ને ભાજપાએ શિષ્ટાચાર બનાવી દીધો છે, વાસ્મો ને “નલ સે જલ” ની કામગીરી સોંપવામાં આવી હતી. ભાજપના પદાધિકારીઓ સીધા કોન્ટ્રક્ટરો બની ગયા છે. ભાજપના મંત્રી અને સંત્રીઓ આવા ગેરરીતિ આચરનારાઓને બચાવવા માટે મેદાન માં આવે તે કેટલે અંશે વ્યાજબી ? મહીસાગર જિલ્લામાં ૧૧૧ કોન્ટ્રાકટર કામ ના કરવાની તાકીદથી નોટીસના નામે વાતો કરવામાં આવી. પંચમહાલ જિલ્લામાં બારોબાર પૈસાની ચુકવણી કરવામાં આવી. વડોદરા જિલ્લામાં ૨૦ ટકા જ



કામગીરી થઈ છે. બીજીબાજુ ૯૦ ટકા નાણાંની ચુકવણી કરવામાં આવી. રાજકોટના જસદણના અનેક ગામો કામગીરી બાકી તેમ છતાં લાખો રૂપિયાની ચુકવણી કરવામાં આવી. સંતરામપુર-બોરવેલ ફેઈલ થઈ ગયા છે. તાલુકામાંથી ફરિયાદ છતાં કામગીરી નહિ. નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના અનેક ગામમાં બોરવેલ ખરાબ, નર્મદા જીલ્લા રૂ. ૧.૪૨ કરોડ ચૂકવ્યા તેમ છતાં કામગીરી બાકી છે, આદિવાસી વિસ્તારોમાં નળ કનેક્શન માટે રિજુવિનેશન ટ્રાયબલ કાર્યક્રમ અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાંટ ફાળવાય પણ નળ કનેક્શન આપ્યા નથી તેવી જગ્યાના કરોડો રૂપિયાના બીલ પણ બની ગયા. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ વિધાનસભામાં ‘નલ સે જલ’ માં મોટાપાયે ગેરરીતિ, ભ્રષ્ટાચાર અંગે ફરિયાદ કરી છે. ભાજપના સાંસદ-ધારાસભ્ય ફરિયાદ કરી તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, નર્મદા, વાસદા, નવસારી જિલ્લામાં ૪૯ કરોડ બરોબર ચૂકવાઈ ગયા હોવાની વિગતો સામે આવી છતા પાણી પુરવઠા વિભાગ ભ્રષ્ટાચારીઓને છાવરી રહ્યો છે. મોટા ભાગના કોન્ટ્રાક્ટરો ભાજપાના પદાધિકારીઓ કે તેની સાથે સંકળાયેલા છે.

ક્ષારવાળું પાણી, ફ્લોરાઈડ અને જીવલેણ ખનીજ ધરાવતા પીવાના પાણીથી હજારો પરિવારો કીડની, કેન્સર સહિતના રોગોનો ભોગ બની રહ્યા છે.

# કલોલના શુકન મોલમાં ગેરકાયદે ચાલતા બે મસાજ સેન્ટર પર પોલીસના દરોડા



કલોલ : કલોલ શહેરના શુકન મોલમાં ચાલતા બેરોકટોક ગોરખધંધા પર ફરી પોલીસ ત્રાટકી હતી. સ્પા સંચાલકોએ નોંધણી અને જીએસટી નંબર લીધો નહોતો જેથી પોલીસે બાતમીને આધારે તપાસ હાથ ધરી હતી. શહેર પોલીસ અને એસઓજી દ્વારા ડાયમંડ સ્પા અને કોહીનુર સ્પાના સંચાલકો વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલમાં સિંદબાદ બ્રિજ પાસે આવેલ શુકન એવન્યુમાં બિલાડીના ટોપની માફક સ્પા સેન્ટર ખુલી ગયા છે. આ સ્પા સેન્ટરમાં અનેક ગેરકાયદે કામ થતા હોવાની ફરિયાદો ઉઠી છે. સ્પા અને મસાજના નામે દેહવ્યાપાર થતો હોવાના અગાઉ આક્ષેપ થઇ રહ્યા છે. સ્પા અને મસાજ સેન્ટરો કોઈ પણ પ્રકારની મંજૂરી વગર શરુ થઇ જતા વિસ્તારમાં દુષણ ફેલાયું છે. શુકન મોલ આગળ અસામાજિક તત્વોનો ત્રાસ પણ વધ્યો હોવાથી નિયમિત પોલીસ પેટ્રોલિંગની પણ માંગ ઉઠી છે. કલોલમાં સ્પા અને મસાજ પાર્લરની આડમાં નશીલા માદક પર્દાર્થોનું સેવન તેમજ વિદેશી મહિલાઓ બોલાવી દેહ વ્યાપાર કરાવાતો હોવાનું સામે આવ્યું છે. જેને પગલે પોલીસ સ્ટેશનમાં નોંધણી, ગુમાસ્તાધારાની નોંધણી અને જીએસટી નંબર લેવો ફરજીયાત બન્યો છે. પોલીસને બાતમી મળી હતી કે શુકન એવન્યુમાં વિજય વાઘેલા મંજુરી વગર ડાયમંડ સ્પા ચલાવે છે જેથી કાઉન્ટર પર તપાસ કરતા કોઈ કાગળ મળી આવ્યા નહોતા. જેને પગલે પોલીસે વિજય વહેલા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. આજ કોમ્પ્લેક્સમાં મહમંદ અઝીઝ મહંમદરફીક કુરેશી કોહીનુર નામથી સ્પા ચલાવે છે. પોલીસે મસાજ પાર્લર પર જઈને તપાસ કરતા ગુમાસ્તા ધારા નોંધણી કે જીએસટી નંબર મેળવ્યો ન હોવાનું માલુમ થયું હતું. પોલીસે કોહિનૂર સ્પાના સંચાલક વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરી હતી.

# પાટણ જિલ્લાના ચંદ્રુમાણા ગામે જયા(ગૌરી) એકાદશી એ યોજાયું બ્રહ્મચોર્યાસી ભોજન



પાટણ જિલ્લાના ચંદ્રુમાણા ગામે આજરોજ જયા (ગૌરી)એકાદશી નિમિત્તે બ્રહ્મચોરાસીનું આયોજન રાખવામાં આવેલ હતું તેમાં સમસ્ત બ્રહ્મ સમાજને સહ પરિવાર ફલાહારી ભોજન આપવામાં આવ્યું તેમજ બ્રહ્મ પરિવારના અબાલવૃદ્ધોને પંગતમાં બેસાડીને ભોજન પીરસવામાં આવ્યું. સમગ્ર બ્રહ્મ સમાજ જમવા પધારેલ હતા તે દરેક વ્યક્તિઓને કુમકુમ અક્ષત તિલકથી આવકારવામાં આવ્યા હતા.તેમજ યથાયોગ્ય દક્ષિણા પણ આપવામાં આવી હતી .બ્રહ્મચોર્યાસી નું આયોજન તેમજ ખર્ચ નવીનભાઈ ભોગીલાલ વ્યાસ. અશ્વિનભાઈ કાંતિલાલ વ્યાસ અને વ્યાસ જૈમીન ભાઈ નીતિનભાઈ (જુનીયર એડવોકેટ) દ્વારા કરવામાં આવેલ હતું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.